MNE/413/2019-21

# વોઈસ ઓફ ઘાટકોપર

www.vognewslive.com | /vognewslive

બેસ્ટ ન્યુઝપેપર ઈન ટાઉન એવોર્ડ વિજેતા ઘાટકોપરનું પ્રિમીયમ ન્યુઝપેપર

Office : A-1, Basement, Satyam Shopping Centre, M.G.Road, Ghatkopar(East), Mumbai - 400 077. ☎ : 022-40229684

વર્ષ : 13 ● અંક : 36 ● સળંગ અંક : 523 ● મુંબઈ ● શુક્રવાર ● તા.25 સપ્ટેમ્બર – 1 ઓક્ટોબર 2020 ● પાના : 16 ● કિંમત રૂ.4



ઘાટકોપરમા
TIP TOP
ફરસાણ
૨ + ૧ ઓફર
ફરસાણના કોઈપણ ૨ પેકેટ ખરીદો અને
મેળવો અન્ય તમારી ચોઈસનુ ૧ ફરસાણ પેકેટ ફ્રી
★ પાપડી ગાઠિયા ★ મકાઇ ચેવડો
★ ભાવનગરી ગાઠિયા ★ પાપડ ભેલ
★ લકકડીયા ગાઠિયા ★ નડિયાદી ભુસુ
★ માખણીયા ગાઠિયા ★ અમદાવાદી ભુસુ
★ મીઠા શકકરપારા ★ મદ્રાસ મિકસચર
★ ફરસી પૂરી ★ સ્પે. ભેલની પૂરી
★ તિખી સેવ ★ ભાકરવડી
★ પવા ચેવડો ★ ટુકડા ચકરી
માંગો તે ફરસાણ હાજર. તમામ ફરસાણ ૨૦૦ ગ્રામના પેકિંગમા ઉપલબ્ધ
TIP TOP
વોરા અપાર્ટમેંટ,વલ્લભબાગ લેન, ઘાટકોપર (ઈ) ફોન: 7021056220 / 9029874510
ફોન: ઉમેશભાઈ - 7021575632/7208870000, બિમલભાઈ - 9029631133

# લાયનેસ ક્લબ ઓફ વેસ્ટ કોસ્ટ



લાયનેસ ક્લબ ઓફ વેસ્ટ કોસ્ટની રિજન ચેઅર પર્સન વિઝીટ અને બોર્ડ મિટીંગ બુધવાર તા.૨૩ સપ્ટેમ્બરના ઝુમના માધ્યમે યોજાઈ. ક્લબ દ્વારા કરાયેલ વિવિધ પ્રોજેક્ટ અનાજ દાન, શિક્ષણ, વૃક્ષારોપણ, બાળ કલ્યાણની માહિતી આપવામાં આવી હતી. સુલભા સ્પેશિયલ સ્કુલના સુનંદા કંદાકે, ડો.નીતા વાઘમારે, વોઈસ ઓફ ઘાટકોપરના માલિક-તંત્રી જતીન કોઠારીનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

લાયનેસ મોનીકા ગડા (પ્રેસિડન્ટ), નેહલ વોરા (સેક્રેટરી), સીમા મેઘાણી (ટ્રેઝરર) સહિત તમામએ કોરોના વોરીયર્સને સલામ કરી તેમના કાર્યોને બિરદાવ્યા હતા.

પંચગની હવા ફેર
પ્રકૃતિના સાનિધ્યમાં,
સુંદર મનોહર આલ્હાદક વાતાવરણમાં
હવા ફેર કરવા પધારો
શુધ્ધ સાત્વીક ભોજનશાળાની સુવિધા છે.
૩, ૪ અને ૭ દિવસ માટે રૂમ આપવામાં આવે છે.
રાજલક્ષ્મી આરોગ્યધામ
મુંબઈમાં બુકીંગ માટે સંપર્ક : 08879677709
સંપર્ક માટે સોમવારથી શુક્રવાર બપોરે 1 થી 4

## ભાવભીની શ્રધ્ધાંજલિ



જન્મ
૦૮-૧૦-૧૯૭૪

દેહવિલય
૨૧-૦૯-૨૦૨૦

## કેતન ઝવેરચંદ કારાણી

(ગામ-ડુમરા • હાલ-ઘાટકોપર)

મુશ્કેલ છે મળવા તમારા જેવા - છલકાતી આત્મીયતાવાળા મિત્ર, ઘણું બધુ હશે પણ, તમારા વગર અધુરું લાગશે ચિત્ર,
સદાય જીવંત રહેશે તમારી સ્મૃતિ પવિત્ર... પ્રભુ આપના આત્માને પરમ શાંતિ આપે
શીઘ્રાતિશીઘ્ર આપ પરમપદને પામો એજ પરમેશ્વરને પ્રાર્થના.

શ્રદ્ધાસુમન : વોઈસ ઓફ ઘાટકોપર

ભાજપા પરિવાર - મારો પરિવાર

ભાજપા પરિવારના યુવા સનિષ્ઠ કાર્યકર્તા

જન્મ
૦૮-૧૦-૧૯૭૪



દેહવિલય
૨૧-૦૯-૨૦૨૦

વોઈસ ઓફ ઘાટકોપર

કેતન કારાણીને

ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

પ્રકાશ મહેતા મિત્ર પરિવાર

# જેજેસી નોર્થ ઈસ્ટ

## જેજેસીના મહાયોદ્ધાને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ !



કેતન ઝવેરચંદ કારાણી

અદ્દભૂત વિચાર શકિત....
વિવિધ વિષયોમાં ઊંડી સમજણ ધરાવતો...
રાષ્ટ્રહિત માટે સતત કાર્યશીલ...
અને અપ્રતિમ દેશદાઝ ધરાવતો...

જેજેસી પરિવારનો તરવરિયો યુવાન
અકાળે અનંતની વાટે ચાલ્યો ગયો છે !

સેન્ટરની વિવિધ સામાજિક પ્રવત્તિઓમાં
'કેતન'નું યોગદાન હંમેશા અવ્વલ રહેતું...
કોઈપણ કઠિન પ્રશ્ન કે કાર્યની જવાબદારી તેની ઉપર
સોંપી દઈને આપણે નિશ્ચિંત થઈ શકીએ
એવી કાર્યકુશળતા તેની અંદર હતી.

કૂનેહ અને કાર્યક્ષમતા...ખંત અને ખુમારી...
દ્વારા એણે સહુકોઈના દિલ જીત્યાં હતાં.
'કારાણી પરિવાર'ને આ શોકકાળમાં સાંત્વના પ્રાપ્ત થાય
અને તેમના પરિવારમાં સર્જાયેલ શૂન્યાવકાશ સમયે
અમો ઈશ્વરને નત મસ્તકે પ્રાર્થના કરીએ છીએ કે
આત્માને સદગતિ પ્રાપ્ત થાય !

### જેજેસી નોર્થ ઈસ્ટ પરિવાર વતી

| | | | | | |
|---|---|---|---|---|---|
| નીતિન એમ. સંઘવી<br>પ્રમુખ | જયરાજ ટી. દેવાણી<br>ઉપ પ્રમુખ | રમેશ જે. મોરબિયા<br>માનદ મંત્રી | જયેન્દ્ર યુ. ભેદા<br>માનદ મંત્રી | હિતેશ એ. ભેદા<br>માનદ મંત્રી | રાજેશ કે. ગોહેલ<br>સહ મંત્રી |
| નિશીથ એસ. શાહ<br>કોષાધ્યક્ષ | મુકુંદ સી. દોશી<br>સહ કોષાધ્યક્ષ | રાજેન્દ્ર એન. શાહ<br>કારોબારી સભ્ય | સુરજ પી. ભાયાણી<br>કારોબારી સભ્ય | મિલન આર. છેડા<br>કારોબારી સભ્ય | હેતલભાઈ એમ. મહેતા<br>કારોબારી સભ્ય |

# જેજેસી જેમ જગડુશા

## સેન્ટરના તરવરિયા સેક્રેટરીએ લીધી અણધારી વિદાય !



કેતન ઝવેરચંદ કારાણી

અમારાં સેન્ટરના સેક્રેટરી તરીકે
'કેતનભાઈ કારાણી'એ સતત કાર્યશીલ રહીને
સમગ્ર સેન્ટરની પૂરેપૂરી જવાબદારી
પોતાના શિરે લઈને સંભાળી લીધી હતી.
કોઈપણ કાર્યક્રમ કે આયોજનમાં
સમસ્ત કારોબારી સભ્યો નચિંત બની શકતાં,
કારણ કે
'કેતન કારાણી' એક સફળ સૂત્રધાર તરીકે
નિષ્ઠાથી કાર્યભાર પોતાની ઉપર લઈ લેતા.
તેઓ સહુકોઈને સહાય કરવા માટે
સદાય તત્પર રહેતા અને જેજેસી મેમ્બર્સ હોય કે
સમાજની કોઈપણ વ્યકિત,
તેમના સંપર્કમાં જે કોઈ પણ આવે
તેમના પ્રશ્નો કે સમસ્યાઓનો ઉકેલ લાવવામાં
નિ:સ્વાર્થપણે કાર્ય કરનારા આ મૂઠી ઊંચેરા
વ્યકિતત્વની અણધારી વિદાયે અમને
સહુકોઈને હચમચાવી દીધાં છે.
તેમના દેહવિલયથી અમને
એક 'ડેશિંગ' માર્ગદર્શકની ખોટ પડી છે.
તેમના પરિવારને આ કપરા સમયમાં
સાંત્વના મળે અને સમતાભાવ જળવાઈ રહે એવી
પ્રભુ ચરણે પ્રાર્થના કરીએ છીએ.

## જેજેસી જેમ જગડુશાના કારોબારી સભ્યો તથા મેમ્બર્સ

દર્શક રૂપાણી – પ્રેસિડેન્ટ
દિલીપ મહેતા – પાસ્ટ પ્રેસિડેન્ટ
ચુનિલાલ શાહનંદ – પાસ્ટ પ્રેસિડેન્ટ
કાન્તિભાઈ ગડા – વાઈસ પ્રેસિડેન્ટ
મયુર લોડાયા – વાઈસ પ્રેસિડેન્ટ
પ્રકાશ મોરબિયા – જોઈન્ટ સેક્રેટરી
કેતન મહેતા – ટ્રેઝરર

નીલેશ કામદાર – કમિટિ મેમ્બર
દીપક લાપસિયા – કમિટિ મેમ્બર
ભરત બોરિચા – કમિટિ મેમ્બર
પરેશ શાહ – કમિટિ મેમ્બર
વિપુલ વોરા – કમિટિ મેમ્બર
મનિશ શાહ – કમિટિ મેમ્બર

# જેજેસી રોયલ જગડુશા

## જેજેસીના મિત્ર વિશેષને અંત:કરણ પૂર્વક ભાવાંજલિ !

આમ સાવ અચાનક વિદાય લીધી...
સમાજને હજુ તો તમારી ઘણી જ જરૂર હતી !
કેતનભાઈ જેજેસી ઉપરાંત અનેક સંસ્થાઓ સાથે સતત જોડાયેલા રહ્યાં.
જનસેવા અને દેશભક્તિથી તેઓ છલકાતાં હતાં.
તેઓ સ્પષ્ટ વકતા અને હિંમતવાન હતા.
દરેક જેજેસી સેન્ટસ સાથે સમન્વય સાધીને તેઓ
એક સાચાં સલાહકાર તરીકે નિખાલસ અભિપ્રાય આપતાં.
અમારાં સેન્ટર સાથે પણ તેમનો નાતો અને ઘરોબો અનેરો રહ્યો.
'ડિજિટલ મિડિયા' થકી તેઓ સમાજના મહત્વના વિષયો બાબતે
જાગૃતિ ફેલાવવાનું કાય અવિરતપણે કરતા રહ્યાં.
સોમવાર, તા. ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૦ નાર રોજ
અલ્પવયે તેઓ જિનશરણે ગયાં છે.
તેમને સદગતિ પ્રાપ્ત થાય અને તેમના પરિવાર પર આવી પડેલ
આ દુ:ખને સહન કરવાની શકિત મળે એવી પ્રભુ ચરણે પ્રાર્થના કરીએ છીએ.



કેતન ઝવેરચંદ કારાણી

### જેજેસી રોયલ જગડુશા પરિવાર વતી

જેઠાલાલભાઈ દેઢિયા
પ્રમુખ

ભરતભાઈ વોરા
ઉપ પ્રમુખ

મિતેશભાઈ અંબાવી
માનદ મંત્રી

કેતનભાઈ છેડા
માનદ મંત્રી

સંજયભાઈ ભણશાલી
માનદ મંત્રી

ભુપેન્દ્રભાઈ કોઠારી
કોષાધ્યક્ષ

હિરેનભાઈ કેન્યા
સહ કોષાધ્યક્ષ

# જેજેસી નોર્થ વેસ્ટ

## જેજેસીના ખેલદિલ અને ખંતિલા સમાજ સેવકને હૃદયના દ્વારેથી શ્રદ્ધાંજલિ !



**કેતન ઝવેરચંદ કારાણી**

**જેજેસી જેમ જગડુશાના સેક્રેટરી**

અમારા સહુના હૃદયમાં જેમનું અદકેરૂં સ્થાન છે એવા
જેજેસી પરિવારના 'કેતનભાઈ કારાણી' (જેમ જગડુશાના સેક્રેટરી)
સોમવાર, તા. ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ આપણી વચ્ચેથી ચાલ્યાં ગયાં !
જેજેસીની વિવિધ પ્રવૃત્તિઓ સાથે તેઓ સક્રિયપણે જોડાયેલાં હતાં.
તદ્ઉપરાંત, અન્ય અનેક સામાજિક સંસ્થાઓમાં પણ તેઓ પ્રવૃત્ત હતાં.
સમાજહિત અને રાષ્ટ્રભક્તિની ભાવના તેમને જાહેરજીવનમાં લઈ આવી.
નાનપણથી જ તેઓ લોકજાગૃતિ તથા લોકહિતની પ્રવૃત્તિઓમાં
સક્રિયપણે જોડાયાં. અનેક નાનામોટાં આંટીઘૂંટીવળા પ્રશ્નોનું નિરાકરણ તેઓ
પોતાની કૂનેહ અને બુદ્ધિમત્તાથી સરળતાથી લાવી દેવામાં કૂશળ હતાં.
'કારાણી પરિવાર' પર આવી પડેલી આ આફતની ઘડીએ
અમે સહુ તેમની પડખે ઊભા છીએ.
તેમના પરિવારજનોને આ આકરા સમયમાં સમતાભાવ પ્રાપ્ત થાય.
તેમની ખોટ તો કેમેય કરીને પૂરી ન શકાય
પરંતુ 'જીરાવાલા પાર્શ્વનાથ પ્રભુ'ને પ્રાર્થના કરીએ છીએ
કે તેમને શરણે સ્વીકારીને સદ્ગતિ આપે.

## જેજેસી નોર્થ વેસ્ટ

વિનોદભાઈ શાહ – ઉપ પ્રમુખ
ઓજસભાઈ શાહ – ઉપ પ્રમુખ
ભરતભાઈ કામદાર – માનદ મંત્રી
પ્રફુલભાઈ મહેતા – માનદ મંત્રી
શ્રીમતી સ્વાતિબેન કામદાર – સહ મંત્રી
શ્રીમતી ચેતનાબેન પારેખ – સહ મંત્રી
કુમારભાઈ કોઠારી – કોષાધ્યક્ષ
સંજયભાઈ અદાણી – સભ્ય
શ્રીમતી કિર્તીબેન મહેતા – સભ્ય
શ્રીમતી સાધનાબેન શાહ – સભ્ય
શૈલેશભાઈ શાહ – આમંત્રિત
મયુરભાઈ મહેતા – આમંત્રિત

# વોઈસ ઓફ ઘાટકોપર ક્લાસિફાઈડ્સ

એડ આપવા માટે સંપર્ક 022-40229684
/vognewslive
www.vognewslive.com

જાહેરખબરના દર

ક્લાસિફાઈડ્સ જાહેરખબર ૧૫ શબ્દોના રૂા. ૧૦૦ લેખે સ્વિકારવામાં આવશે. હેડીંગના રૂા. ૧૦ એક્સ્ટ્રા થશે. ૧૫ શબ્દો પછીના વધારાના દરેક શબ્દ દીઠ રૂા. ૪. જાહેરખબર બુધવાર સાંજ સુધી જ સ્વીકારવામાં આવશે. જાહેરાતનું લખાણ ઓફિસ પર ઉપલબ્ધ ફોર્મમાં જ લખી આપવાનું રહેશે. જાહેરખબર પ્રગટ કરવાની સામગ્રી કાર્યાલયમાં આપો ઘાટકોપર ટાઈમ્સ પબ્લિકેશન સેન્ટર

–: ઓફિસ :–

એ-૧, સત્યમ શોપીંગ સેન્ટર, એમ.જી.રોડ, ઘાટકોપર (ઈસ્ટ).
સંપર્ક : ૯૦૨૨૨૭૯૬૮૪
voiceofghatkopar@gmail.com

આ અખબારમાં પ્રગટ થતી જાહેરાત બાબતે કોઈને પણ પૈસા મોકલતા પહેલા, કોઈ ખર્ચ માથે લેતા પહેલા કે કોઈપણ પ્રકારનો કરાર કરતા પહેલા વાચકો પૂરતી પૂછપરછ કરી લે એવો તેમને અનુરોધ છે. એડવર્ટાઈઝરો દ્વારા પોતાની પ્રોડક્ટ અને સર્વિસીસ વિશે જે દાવો કરવામાં આવે છે તેના વિશે વોઈસ ઓફ ઘાટકોપર કોઈ જવાબદારી સ્વીકારતું નથી. એડવર્ટાઈઝરો પોતાના દાવામાં ખરા ન ઉતરે એવા સંજોગોમાં કોઈપણ પરિણામ માટે વોઈસ ઓફ ઘાટકોપરના માલિક, તંત્રી, મુદ્રક અને પ્રકાશક જવાબદાર નહીં ગણાય. – સંચાલક

## મનોરંજન

**નિર્મલ ઠક્કર**

જૈન સ્તવન, સંગીતસંધ્યા, લગ્નગીત, ભજન, પ્રાર્થના, દરેક પ્રકારના મનોરંજન કાર્યક્રમ માટે. **93239 46210, 98696 66672.** (1801)540

## ધંધાદારી

**દેશ વિદેશ કુરિયર 24x7**

ડોક્યુમેન્ટ્સ, મેડિસીન, કુરિયર, ખાવાપીવાની ચીજ વસ્તુઓ, યુ.કે., યુ.એસ.એ., ઓસ્ટ્રેલીયા મોકલવા. **અનુજ સંગોઈ - ફોન : 8879991866.** પેક એન ડિલેવર. (1761)533

**પ્રતાપ પેકર્સ એન્ડ મુવર્સ**

૪૫ વર્ષથી ઓફિસ ઘર સામાન. **લલીતભાઈ ઠક્કર- 99209 55291, 98210 70320, 98215 43816.** (431)529

Ashish Packers & Movers door to door, All India Service **Mumbai 23784617 / 9320657411, Andheri 9322783239, Borivali 9619079978, Worli 9699428678.** (1808)539

**ACE પેસ્ટીસાઈડ**

૧૯૯૩થી સોસાયટીના સ્પેશ્યાલીસ્ટ ઈંજેક્શનથી - ઉધઈ, માકડ, વાંદાનો જેલથી નાશ. **9220789533, 9029181030.** (1850)542

**એકાઉન્ટ્સ**

કંપની અને સોસાયટી એકાઉન્ટ્સ, જીએસટી રીટર્ન ફાઈલીંગ, ઈન્કમટેક્સ સાથે ફાઈનલાઈઝેશન સુધી કમ્પ્યુટર ઉપર કરી આપશું. **દિલીપભાઈ : 9324203535.** (574)

## નોકરી સંબંધી

**OPPORTUNITY !!**

(Ghatkopar) Exclusive for Retired/VRS/NRI/ Bankers & HouseWife To Restart 2nd career. Earn Desire Income + Allowance +Special Training **Call :9594594301.** (1748)532

## મહિલા માટે

**WOMEN START EARNING**

10,000 - 30,000 PM, BECOMING COMMISSION PARTNER PROPERTY CHANNEL PARTNER FIRM. **91522 47683 / 98214 25950.** (1762)534

Exclusive range of gharchola, bandhani, chania-choli, panetar & fancy sarees. **Jyoti Saree,** Matunga, King Circle **Ph.: 2404 3995.** (1812)539

**ઈમિટેશન જ્વેલરી**

સેટ લોંગ બુટ્ટી, બંગડી, કડા, બ્રેસલેટ ૫૦ ટકા ડિસ્કાઉન્ટથી મળશે. સમય ૩ થી ૬. **બીના : 70218 46077.**(1781)536

**ભાડા પર કપડા**

ચણીયાચોલી, ગાઉન, ઈન્ડો વેસ્ટર્ન ભાડેથી મળશે. ભાડુ ૧૦૦૦થી ચાલુ, પૂજા જોડ, કપલ જોડ વેચાતી મળશે. **આરતી શેઠ: 9029678055.** (1781)536

SALE OR EXCHENGE OFFER FOR KURTIES, DUPATTAS AND NIGHTIES **CONTACT 9821468567** OR VISIT OUR STALL AT BHATIA WADI. (P)545

## રીઅલ એસ્ટેટ

**ઘાટકોપર, વિદ્યાવિહાર, ચેમ્બુર, તીલકનગર, દાદરથી થાણા**

ફ્લેટ ઓફિસ દુકાન ભાડેથી/ વેચાણથી લેવા - વેચવા. **પંકજ નરેન્દ્ર વોરા - 9321103249.** (B-573)

## મરણનોંધ માટે

મુંબઈના દૈનિક અખબારોમાં મરણનોંધ પ્રકાશિત કરવા માટે લેટરપેડ પર મરણનોંધ લખી જરૂરી પ્રુફ સાથે નીચે જણાવેલ નંબર પર સંપર્ક કરો.

**9869038095**
**9022279684**

## રીઅલ એસ્ટેટ

**Tirupati Realtors**

Available/Wanted Offices - Shops on sale & Leave-License 500 to 50,000 ft. **Cont.: 022-2269 5252 / 98206 10810** (1815)539

**શૈલેષ વોરા**
**રીઅલ એસ્ટેટ કન્સલટન્ટ**

ઘાટકોપર ઈસ્ટ/વેસ્ટમાં શોપ, ઓફિસ ફ્લેટ લેવા-વેચવા તેમજ લીવ લાયસન્સ માટે. **શૈલેષભાઈ વોરા : 88985 38335, 90048 38335.** (1813)539

**GHATKOPAR**

FLATS - 1/2/3 BHK NEW / OLD. BLDG 80 LAC TO 2.80 CR. RENTAL 25K. TO 75K. COMMERCIAL - INDUSTRIAL - LAND. **NAVGRAHAA REALTY : 91522 47683 / 98214 25950.** (1762)534

# ભાજપ વૈદ્યકીય આઘાડીના આગેવાનોની મહારાષ્ટ્રના રાજ્યપાલને આરોગ્ય ક્ષેત્રની દયનીય અવસ્થા અંગે રજૂઆત



મહારાષ્ટ્રની આરોગ્ય ક્ષેત્રની કોવિડ સંકટમાં દયનીય અવસ્થા અંગે ભાજપ વૈદ્યકીય આઘાડી મહારાષ્ટ્ર પ્રદેશનું મોવડી મંડળએ રાજ્યપાલ ભગતસિંહ કોશિયારીને મળીને ચર્ચા કરી હતી. રાજ્યપાલને મળનાર આગેવાનોમાં ભાજપ વૈદ્યકીય આઘાડી મહારાષ્ટ્ર પ્રદેશ સંયોજક ડો. અજીત ગોપછડે, ડો.સ્મિતા કાળે – સંયોજક મુંબઈ ભાજપ વૈદ્યકીય આઘાડી, ડો. રાહુલ કુલકર્ણી, સંયોજક થાણા કલ્યાણ વગેરે વિવિધ વૈદ્યકીય ક્ષેત્રના આગેવાનોએ રાજ્યની મેડિકલ વ્યવસ્થા અને તે બાબતની સમસ્યાઓ અંગે નિવેદન આપી સવિસ્તાર ચર્ચા કરી હતી. રાજ્યપાલને ડોક્ટર્સ, ડેન્ટીસ્ટ, પેરામેડીકલ ફાર્માસીસ્ટ્સ, ટેક્નીશીયન, રેડીયોગ્રાફર્સ, નર્સ અને આરોગ્ય સેવક પર થનાર હુમલાઓ તથા મહિલા મેડિકલ કર્મચારીઓ અને નર્સની કોવિડ સેન્ટરમાં અસુરક્ષિતતા, ગ્લોવ્ઝ, માસ્ક, સેનીટાઈઝર, ફેસ શીલ્ડ અને પીપીઈ કીટ જેવી વસ્તુઓની કિંમતમાં વધારો આ તમામની દયનીય અવસ્થા અંગે સવિસ્તાર માહિતી રાજ્યપાલને આપવામાં આવી હતી.


સુવર્ણ તક સુવર્ણ તક

માર્કેટમાં ઝડપથી વધુ બિઝનેશ કરતી કંપનીને ફ્રેન્ચાઈઝી આપવી છે ફક્ત રૂા.૮૦,૦૦૦ના રોકાણમાં દિવસનાં ત્રણ થી ચાર કલાક કામ કરી

માસિક રૂા.30000 થી ૬0000 કમાવવાની અમૂલ્ય તક

નિવૃત લેડીઝ જેન્ટ્સ તથા દરેક માટે બેસ્ટ બિઝનેશ તક દુ વ્હિલર આવડતુ હશે તેના માટે બેસ્ટ તક આજે જ મળો

MEHTA ENTERPRISES
10/A, Gr. Floor, Kanara Business Center, Laxmi Nagar, Ghatkopar Anderi Link Road, Ghatkopar (East), Mumbai - 400 075.
9967421409 / 8291440870 / 7623901554

WEDDING CARDS

CUSTOMISED
E - Wedding Card
કંકોતરી

卐 માંગલિક વિગતો 卐

VENUE :
GEEKAY
90 Feet Road, Opp. Kailash Tower, Ghatkopar (E), Mumbai-75.
2506 2626 • 98337 73744
Jayant Vora: 75066 25702
E-mail: info@geekaycorp.com

kankotary.com
designer indian wedding cards

DAY & TIMING :
Monday to Saturday
Morning 10.00 am to 6.30 pm
With prior appointment

❖ Specialist ❖
E - Wedding Invitation

કુમકુમ પત્રિકા • વેવીશાળ પ્રસંગ
ગરબા પાર્ટી • સંગીત સંધ્યા
મહેંદી રસમ • લગ્ન જયંતી
ઈન્વીટેશન માટે બેબી શાવર
અન્ય શુભ પ્રસંગો

॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી મહાવીરાય નમઃ ॥
॥ કુળદેવી માતાની કૃપા હોજો ॥

શ્રીમાન/શ્રીમતી

ઘર આંગણે લગ્નનો રૂડો અવસર હોય મનમાં અનેરો ઉમંગ હોય, પ્રસંગને ધામધૂમથી ઉજવવાના ઓરતા હોય એટલે ઘણાં બધા કામો પાર પાડવાના હોય.

આ બધા કામોમાં કુમકુમ પત્રિકાની પસંદગી તથા તેને સુઘડ રીતે છપાવી સમયસર તૈયાર કરાવવી તે પણ તેટલું જ અગત્યનું કામ હોય છે. આ માટે બે થી ચાર વખત તળ મુંબઈના ધક્કા, સમયસર કામ થાય તે માટે ફોનથી યાદી આપવી વગેરેમાં આપના કિમતી સમયનો વ્યય થાય છે.

પરંતુ હવે આવું નથી

GEEKAY રજૂ કરે છે.

ઘાટકોપરના આંગણે સુવિધાજનક સ્થળે કુમકુમ પત્રિકાની વિશાળ શ્રેણી


આવો, અમારા આધુનિક Invitation boutique ના આરામદાયક વાતાવરણમાં વિનયી અને સેવા-તત્પર સ્ટાફ કુમકુમ પત્રિકા પસંદ કરવામાં આપને સહાય કરશે. આપ ઈચ્છો તો અમારું ડીઝાઈન સેન્ટર આપની મનપસંદ આગવી ડીઝાઈનમાં કુમકુમ પત્રિકા બનાવી આપશે.

બદલાતા સમય સાથે જ્યારે કુમકુમ પત્રિકા પણ તમારા વ્યક્તિત્વન અભિવ્યક્તિ કરે તેવી હોવી જોઈએ તો કુમકુમ પત્રિકા બનાવવાન વ્યવસ્થા પણ તેની સમકક્ષ શા માટે ન હોય !

આજે જ અમારા
Invitation boutique માં પધારીને ખાત્રી કરી લેશો.

ભવદિય
ધીરેન કોઠારી

Marriages are made in HEAVEN
& invitation cards are printed at GEEKAY



# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

જ્યોતિશ વિશારદ્ • વાસ્તુશાસ્ત્રી • જેમોલોજિસ્ટ
સમીર સેજપાલ : ૯૮૧૯૨૯૮૪૦૪ (તા.૨૫ સપ્ટેમ્બર - ૧ ઓક્ટોબર ૨૦૨૦)

**મેષ (અ,લ,ઈ) :** હાલ તમે આક્રમક મૂડમાં હોવાથી નાની અમથી વાતમાં ક્રોધ કરવા લાગશો. તમારા આ વર્તનને લીધે સ્વજનો એકદમ મૂંઝાઈ જશે એમ દેખાય છે. તમારે મગજને શાંત રાખવાની જરૂર છે. કોઈ વ્યક્તિ તમને ગમે એટલી ઊશ્કેરે, તમારે જરાપણ ગુસ્સો કરવો નહી એવી મારી સલાહ છે. તમારે અત્યારના સંજોગોમાં કઈ રીતે કામકાજ કરવું એના વિશે તમારા મગજમાં સ્પષ્ટ વિચાર નહી આવે. આમ છતાં તમે મુશ્કેલીઓમાંથી માર્ગ કાઢી શકશો એમ સ્પષ્ટ જણાય છે. તમારામાંના અમુક જાતકોને રોમેન્ટિક મુલાકાત થવાનો યોગ છે, કારણ કે કોઈ વિજાતીય વ્યક્તિ તમારા પ્રેમમાં ગળાડૂબ થઈ જશે એમ ગ્રહયોગો સૂચવે છે. નોકરિયાતોને આગળ જતાં અચાનક જ બઢતી મળવાના યોગ હોવાથી તેઓ રોમાંચિત થઈ ઊઠશે. **સ્ત્રીવર્ગ માટે :** કોઈ કાર્યમાં ખુબજ વિલંબ થવાથી મનમાં ઊત્પાત રહેશે.

**વૃષભ (બ,વ,ઉ) :** તમારા મનનો અસંતોષ વધી રહ્યો છે, કારણ કે પહેલેથી જ તમારા અમુક કામોમાં ખૂબ જ વિલંબ થઈ ચૂક્યો છે. છતાંય તમારા વ્યક્તિત્વ અને કાર્યકુશળતાને લીધે તમે લોકોના આકર્ષણનું કેન્દ્ર બની રહેશો એ નક્કી છે. અમુક કાર્યોમાં તમારી પ્રશંસા થવાથી તમને વધુ સારુ કામ કરવાનું પ્રોત્સાહન મળશે, પરંતુ કોણ જાણે કેમ તમારા મનનો અસંતોષ વધશે અને તમે નાની નાની બાબતોમાં ગંભીર કે ચિંતિત બની જશો એમ દેખાય છે. આવા સંજોગોમાં જો તમે શક્તિઓને યોગ્ય માર્ગે વાળશો તો કામકાજ સંતોષજનક રીતે આગળ વધશે અને અંતે તમે પોતે જ જોઈ શકશો કે તમે પરિસ્થિતિને સારી રીતે સંભાળી લીધી છે, સમજ્યાને? **સ્ત્રીવર્ગ માટે :** એક બાજુ ખર્ચાઓ વધી રહ્યા છે અને બીજી બાજુ આવક જોઈએ એવી નથી, એની મૂંઝવણ તમને સતાવી રહી છે. સ્વાસ્થ્ય બાબતે જાગૃત રહેજો.

**મિથુન (ક,છ,ઘ) :** એક પછી એક નિરાશાજનક બનાવોને લીધે તમારો આત્મવિશ્વાસ ડગી શકે છે. યાદ રહે, દરેકના જીવનમાં મુશ્કેલ ઘડીઓ આવતી જ હોય છે અને એ પસાર પણ થઈ જતી હોય છે. મારૂં જો માનતા હો તો હાલ તમારે અંતરાત્માના અવાજને અનુસરવાનો પ્રયાસ કરવો, એનાથી તમે વધુ વ્યવહારુ અભિગમ અપનાવી શકશો. શક્ય હોય તો તમારા જીવનાસાથીના કહ્યા પર પણ ધ્યાન આપવું, જેથી તેમને પણ મહત્વ અપાતું હોય એવું લાગે, સમજ્યાને? તમારામાંના અમુક જાતકો પોતાના આરોગ્ય તરફ દુર્લક્ષ કરીને ઝડપથી કામ પતાવવા માટે દોડી રહ્યા છે, જે બિલકુલ યોગ્ય નથી. તમે બીમાર પડો એવી શક્યતા છે. કોઈપણ આનાકાની વગર તબિયતની તપાસ કરાવવા ડોક્ટર પાસે જવું જરૂરી જણાય છે. **સ્ત્રીવર્ગ માટે :** ગણત્રીપૂર્વક આગળ વધવાનો સમય છે. બદઈરાદા ધરાવતા લોકોથી સાવધાન રહેવું.

**કર્ક (ડ,હ) :** તમારા પ્રિયજન કે જીવનસાથી સાથે યાદગાર પળો માણવા મળે એવો યોગ છે. વાસ્તવમાં સમય રોમેન્સ અને ઊત્કટતાનો છે. તમે પ્રિયજનને રીઝવવા માટે ખાસ પ્રયાસ કરશો અને એમાં સફળ પણ થશો એમ જણાય છે. તમારા જીવનમાં આમૂલાગ્ર પરિવર્તન આવવાનું છે. અચાનક જ કોઈ લાભદાયક તક તમારા દ્વારે ટકોર મારે એવી શક્યતા છે. એમનો મહત્તમ ઊપયોગ કરી લેવો એવી સલાહ છે. તમારે પોતાની નાણાંકીય સ્થિતિને સમજવા માટે બારીકીપૂર્વક ગણતરીઓ માંડવી અને પછી જ આગળ વધવું, સમજ્યાને? તમારામાંના અમુક જાતકોને માંડી વાળેલી રકમ પાછી મળવાની શક્યતા હોવાથી તેઓ ખુશખુશાલ થઈ જશે એ નક્કી છે. **સ્ત્રીવર્ગ માટે :** તમને થાક વર્તાશે. વધુ પડતા શ્રમને કારણે તમારી તબિયત પર પ્રતિકૂળ અસર થઈ શકે છે. આરામનું મહત્વ સમજો તો સારું.

**સિંહ (મ,ટ) :** તમે ભૂતકાળમાં જે થઈ ગયું એના તરફ દુર્લક્ષ કરીને નવેસરથી શરૂઆત કરવા અને સંબંધોમાં નવા પ્રાણનો સંચાર કરવા ઊત્સુક છો એમ જણાય છે. પરિણામે નવા સંબંધો બાંધવા પર અને જૂના સંબંધોને ઘનિષ્ઠ બનાવવા પર હાલ તમે ખાસ ધ્યાન આપશો એ સ્પષ્ટ છે. તમારા જીવનમાં કંઈક અણધાર્યું બનવાની શક્યતા છે. તમે કોઈકની સાથે સંયુક્ત સાહસ ખેડવા માટે તેમના પર વિશ્વાસ મૂકશો અને લાંબા ગાળે તમને એનો લાભ પણ થશે એ નક્કી છે. તમારામાંના અમુક જાતકોને સુસ્તી વર્તાશે અને તાજેતરમાં કરેલી મહેનતને લીધે થાક વર્તાય એવી પણ શક્યતા છે. આવામાં પૂરતી ઊંઘ લેવાનો ઊપાય જ શ્રેષ્ઠ કહેવાય, સમજ્યાને? **સ્ત્રીવર્ગ માટે :** કોઈ મિત્ર કે સંબંધી ગોપનીય બાબતો વિશે તમારી સાથે વાતચીત કરશે અને એને લીધે તમને પોતાની અગત્યતા હોવાનું જણાશે.

**કન્યા (પ,ઠ,ણ) :** તમને થાક વર્તાશે અને તમારે હળવે હલેસે કામ લેવું, કારણ કે વધુ પડતા શ્રમને કારણે તમારી તબિયત પર પ્રતિકૂળ અસર થઈ શકે છે. સારા-નરસાનો ભેદ પારખવાથી તમને સામાજિક જીવનમાં લાભ થશે. એટલું જ નહી, તમારા નિકટના મિત્રો અને સહયોગીઓને પણ એનાથી ફાયદો થશે એમ જણાય છે. હાલના અમુક બનાવોથી તમને આશ્ચર્ય થશે અને એના લીધે મોટો ખર્ચ થવાની પણ શક્યતા છે. જો તમે પ્રોપર્ટી ખરીદવાનું વિચારી રહ્યા હો તો અત્યારનો સમય મંગળમય છે. તમારામાંના અમુક જાતકો સ્ટોક માર્કેટમાં સટ્ટો કરવા માટે કે રોકાણ કરવા માટે આગળ વધશે એવું જણાય છે. મનની શાંતિ માટે યોગ કે મેડિટેશન કરવું સલાહભર્યું છે. અકસ્માતના યોગ છે. **સ્ત્રીવર્ગ માટે :** નિકટની વ્યક્તિઓ સમક્ષ લાગણીઓ ઠાલવી શકશો. મનમાં જે હોય એ કહી દેવું, સમજ્યાને?

**તુલા (ર,ત) :** હાલ અચાનક જ તમારામાં અદમ્ય ઊત્સાહ વર્તાશે અને તમે જે કંઈ કરો એમાં ધીમે ધીમે સફળતા મળે એવા યોગ સર્જાઇ રહ્યા છે. તમારે અંતરાત્માના અવાજને અનુસરવાનો સમય છે. એનાથી તમને દરેક રીતે ફાયદો થશે અને તમારામાં નવી સકારાત્મકતા પ્રવેશશે એમ જણાય છે. વાસ્તવમાં તમારે અત્યારે પોતાના વ્યૂહની સમીક્ષા કરવાની તથા જ્યાં કમી દેખાય ત્યાંથી એને દૂર કરવાની જરૂર છે. એટલું કર્યા પછી જ કોઈ પણ બાબતે આગળ વધજો, સમજ્યાને? પ્રોપર્ટી લેવા માટે કે જગા બદલવા માટે સમય યોગ્ય છે. તમારામાંના અમુક જાતકોને આંખોની તકલીફ વધી શકે છે અથવા ફક-એસીડીટીની સમસ્યા થઈ શકે છે. સ્વસ્થ્યને મહત્વ આપો તો સારું. **સ્ત્રીવર્ગ માટે :** તમારા હરીફો તમને પરાસ્ત કરવા માટે ઘણી મહેનત કરી રહ્યા છે, સાવધાન. તમને પડવા-વાગવાના યોગ છે.

**વૃશ્ચિક (ન,ય) :** આવેશમાં કે ગુસ્સામાં આવીને કંઈ કરવું નહી, અન્યથા તમે મુશ્કેલીમાં સપડાઈ જશો. આસપાસના હરીફો તમને લક્ષ્ય બનાવે એવી શક્યતા છે. તેઓ બજારમાં કે સમાજમાં તમારી પ્રતિષ્ઠા ખરડવા પ્રયાસ કરશે. એની પાછળનું મૂળ કારણ ઈર્ષા છે. અંગત વિખવાદો હાલ તમને ઘણું નુકસાન કરી શકે છે. તમે અમુક બાબતોમાં લાગણીશીલ બની જાઓ એવી પણ શક્યતા છે.અંગત જીવનને લગતી હોય કે વ્યવસાયી જીવનને લગતી હોય, અંતઃસ્ફુરણા તરફ દુર્લક્ષ કરવું નહી. ગ્રહમાન સૂચવે છે કે તમારે સંજોગોનો પરિપક્વ રીતે સામનો કરવો, કારણ કે સમુંસૂતરું પાર ઊતારવાની જવાબદારી તમારા શિરે છે, સમજ્યાને? યાત્રાના યોગ છે. **સ્ત્રીવર્ગ માટે :** તમે કામ પૂરા કરવામાં ઊતાવળ કરશો તો વધુ થાક લાગશે અને એને લીધે તબિયત પર અવળી અસર પડી શકે છે.

**ધન (ભ,ધ,ફ,ઢ) :** તમે લોકોને મુશ્કેલીઓમાંથી માર્ગ કાઢી આપતા હોવાથી આસપાસના લોકો તેમની સમસ્યાના નિવારણ માટે તમારી પાસે મદદ લેવા આવી શકે છે. લોકો તમારા વ્યક્તિત્વથી અંજાઈ જશે અને તમારું માર્ગદર્શન માગશે એવા યોગ છે. તમારે વાક્ચાતુર્યનો સર્વોત્તમ ઊપયોગ કરવો એવી મારી સલાહ છે. સખત મહેનત કરવાથી જ બધુ મળે છે, સિધ્ધિનો કોઈ શોર્ટકટ હોતો નથી એ વાત હાલ તમને સમજાઈ જશે. જો તમે કોઈ ટૂંકો રસ્તો અપનાવવાની કોશિશ કરશો તો એનું વિપરીત પરિણામ આવી શકે છે. તમારે પોતાના વ્યૂહમાં પરિવર્તન લાવવું જરૂરી છે. વ્યવહારુ બની, ધીરજ રાખી આગળ વધજો, બધા સારાં વાનાં થશે એ નક્કી છે. મોટી ઊંમરનાં જાતકોએ મેડિકલ ચેકઅપ કરાવી લેવું જરૂરી છે. **સ્ત્રીવર્ગ માટે :** લાગણીઓમાં તણાઈ જવાને બદલે પ્રેક્ટિકલ બની નિર્ણયો લો તો સારું.

**મકર (ખ,જ) :** તમે કામમાં જરાય કચાશ ચલાવી લેતા ન હોવાથી આસપાસના લોકો તમારા અભિગમને બિરદાવશે અને તમારા પર પ્રશંસાના પુષ્પો વરસાવશે. હાલ તમે પોતાનું વર્ચસ જમાવવાની કોશિશ કરશો અને એને લીધે હાથ નીચેના કોઈ માણસને માઠું લાગી શકે છે. મારું જો માનતા હો તો તમારે થોડા મૃદુ બની જવું અને નમ્રતા ટકાવી રાખવી, સમજ્યાને? તમારામાંના અમુક જાતકો ભૂતકાળમાં સરી પડશે અને જૂના મિત્રો કે સંબંધીઓ સાથે સંપર્ક તાજો થશે અને યાદ તાજી કરવા માટે લાંબી વાતચીતનો દોર શરૂ થશે એમ દેખાય છે. આજના સંજોગોમાં સફળતા જેટલી સારી વાત બીજી કોઈ નથી. તમે એનાથી છકી જાઓ નહીં અને બણગાં ફૂંકવા લાગો નહી એટલું ધ્યાન રાખવું, અન્યથા લોકો બહારથી તમારા વખાણ કરશે અને અંદરથી ઈર્ષ્યા કરવા લાગશે એવા યોગ છે. **સ્ત્રીવર્ગ માટે :** ધર્મકાર્ય અને સત્કર્મો માટે સમય ઊત્તમ છે.

**કુંભ (ગ,સ,શ,ષ) :** મહેનત કરવા બદલ તમારી કદર થાય એવી તમારી ઈચ્છા છે, પરંતુ તત્કાલ તમને નિરાશા સાંપડે એવી શક્યતા છે. ધીરજ રાખજો, આગળ જતાં તમારા કાર્યની અને તમારી ભૂમિકાની નોંધ લેવાશે એમ સ્પષ્ટ દેખાય છે. હાલ તમારી સામે આકરા પડકારો આવી શકે છે. જોકે ગ્રહમાન તમારી તરફેણમાં નહી હોવાથી તમારે પડકારોનો સામનો કરવાનું અત્યારે પાછળ ઠેલવું એમ મને લાગે છે. અત્યારે કેવળ તમારા રુટીન કાર્ય કરતા રહો અને જે કંઈ પ્રાપ્ત થાય છે એમાં સંતોષ માનો. કોઈપણ પ્રકારના સાહસ માટે આ સમય યોગ્ય નથી એ સમજી લો તો સારું. કુંવારા જાતકોનો પ્રેમસંબંધ ઘનિષ્ઠ થવાની શક્યતા છે. જો તમે લગ્નનો પ્રસ્તાવ મૂકી દીધો હોય તો આગળ જતાં એનો સ્વીકાર થવાના ચાન્સ છે. **સ્ત્રીવર્ગ માટે :** પરિવારનો કોઈ સભ્ય બીમાર પડી શકે છે, ધ્યાન રાખજો.

**મીન (દ,ચ,ઝ,થ) :** તમે વ્યવસાયી અને સામાજિક જવાબદારીઓ નિભાવવામાં ઊત્કૃષ્ટ કામગીરી બજાવશો, પરંતુ તમારે પરિવાર તરફ દુર્લક્ષ કરવું નહી, કારણ કે તમે તેમના જ સહકારને લીધે આજે આ પાયરી સુધી પહોંચ્યા છો, એ સમજી લેવાનો સમય છે. તમે સ્વજનો સાથે યાદગાર સમય ગાળો એવી શક્યતા છે. તમારા ઘરે મિત્રો અને પરિવારજનોનું ગેટ ટુગેધર થવાનો યોગ છે. હાલ તમારું મન સતત ભૂતકાળ તરફ દોરાશે. વર્તમાન વાસ્તવિકતા પર પણ નજર રાખવી અને ભૂતકાળની અસર હાલના નિર્ણયો પર થાય નહી એ વાતની તકેદારી લેવી જરૂરી છે. અંગત સમસ્યાઓ અને ભાવિ સંભાવનાઓ વિશે ભલે તમે ચિંતિત થઈ રહ્યા છો, પરંતુ આ તબક્કો હવે ટૂંક સમય પૂરતો જ હોવાથી ચિંતા કરવી નહી, સમજ્યાને? કોઈ પણ દસ્તાવેજ પર સહી કરતા પહેલા સાવધાની રાખવાની સલાહ છે. **સ્ત્રીવર્ગ માટે :** તમને સ્નેહીજનની તબિયત સંબંધે ચિંતા સતાવી શકે છે.




# શ્રીમદ્ રાજચંદ્ર વિચાર રત્નો

- સંકલન : વિજય બોટાદરા

જૈન મુનિ થયા પછી પોતાની નિવિકલ્પ દશા થઈ જવાથી ક્રમપૂર્વક દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી યમનિયમ તેઓ હવે પાળી શકશે નહીં, તેમ તેમને લાગ્યું. જે પદાર્થની પ્રાપ્તિ માટે યમનિયમનું ક્રમપૂર્વક પાલન રહ્યું છે, તે વસ્તુની પ્રાપ્તિ થઈ તો પછી તે શ્રેણીએ પ્રવર્તવું અને ન પ્રવર્તવું બન્ને સમ છે, આમ તત્વજ્ઞાઓની માન્યતા છે. જેને અપ્રમત્ત ગુણસ્થાનકે રહેલા મુનિ એમ નિર્ગ્રંથ પ્રચનમાં માનેલું છે, એમાંની સર્વોત્તમ જાતિ માટે કાંઈ કહેવાઈ શકાતું નથી, પણ એકમાત્ર તેમના વચનાનો મારા અનુભવજ્ઞાનને લીધે પરિચય થતાં એમ કહેવાનું બની શક્યું છે કે તેઓ મધ્યમ અપ્રમત્તદશામાં પ્રાયે હતા. વળી યમનિયમનું પાલન ગૌણતાએ તે દશામાં આવી જાય છે. એટલે વધારે આત્મનંદ માટે તેમણે એ દશા માન્ય રાખી. આ કાળમાં એવી દશાએ પહોંચેલા બહુ જ થોડા મનુષ્યની પ્રાપ્તિ પણ દુર્લભ છે. ત્યાં અપ્રમત્તતા વિષે વાતનો અસંભવ ત્વરાએ થશે એમ ગણી તેઓએ પોતાનું જીવન અનિયતપણે અને ગુપ્તપણે ગાળ્યું. એવી જ દશામાં જો તેઓ રહ્યા હોત તો ઘણાં મનુષ્યો તેમના મુનિપણાની સ્થિતિ શિથિલતા સમજત અને તેમ સમજવાથી તેઓ પર આવા પુરૂષથી અધીષ્ટ છાપ ન પડત. આવો હાર્દિક નિર્ણય હોવાથી તેઓએ એ દશા સ્વીકારી.

**રૂપાતીત વ્યતીતલ, પૂર્ણાનંદી ઈસ,**
**ચિદાનંદ તાકું નમત, વિનય સહિત નિજ શીસ...**

રૂપથી રહિત, કર્મરૂપી મેલ જેનો નાશ પામ્યો છે, પૂર્ણ આનંદના જે સ્વામી છે, તેને ચિદાનંદજી પોતાનું મસ્તક નમાવી વિનય સહિત નમસ્કાર કરે છે. રૂપાતીત-એ શબ્દથી પરમાત્મ-દશા રૂપ રહિત છે, એમ સૂચવ્યું.પૂર્ણાનંદી ઈસ-એ શબ્દથી તે દશાના સુખનું વર્ણન કહ્યું કે જ્યાં સંપૂર્ણ આનંદ છે. તેનું સ્વામિત્વ એમ સૂચવ્યું. રૂપરહિત તો આકાશ પણ છે, એથી કર્મમલ જવાથી આત્મા જડરૂપ સિદ્ધ થાય. એ આશંકા જવા કહ્યું કે તે દશામાં આત્મ પૂણાઈનંદનો ઈશ્વર છે, અને એવું તેનું રૂપાતીત પણું છે. ચિદાનંદ તાકું નમત-એ શબ્દો વડે પોતાની તે પર નામ લઈને અનન્ય પ્રીતિ દર્શાવી. સમુચ્ચયે નમસ્કાર કરવામાં જે ભક્તિ તેનાં નામ લઈ પોતાનું એકત્વ દર્શાવી વિશેષ ભક્તિનું પ્રતિપાદન કર્યું. (ક્રમશઃ)




# જનસંઘ સેવક મંચ ઈશાન્ય મુંબઈ મહિલા મોર્ચા સ્વયં સિદ્ધ નારી દ્વારા સેવા સપ્તાહ



જનસંઘ સેવક મંચ ઈશાન્ય મુંબઈ મહિલા મોર્ચા સ્વયં સિદ્ધ નારી દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે સેવા સપ્તાહ ઉજવવામાં આવ્યો. શિક્ષણ સેવા, પશુ સેવા, પર્યાવરણ સેવા, ગરીબોને જમણ, અનાથ આશ્રમમાં અનાથો સાથે દિવસ વિતાવવો, સરકારી યોજનાઓ પર જાગૃતતા, હેલ્થ કેમ્પ આ કાર્યો સેવા સપ્તાહ દરમ્યાન કરવામાં આવ્યા. સંસ્થાના અધ્યક્ષા ડિમ્પલ પંડ્યાના માર્ગદર્શન હેઠળ તથા તેજલ મહેતા, હિના ભટ્ટ, મધુ ભટ્ટ, શિલ્પા ભાવસાર, પ્રિયંકા પાલવેકર, મીના છાંટબાર, રેશ્મા ઘોંડકર, નિલેશભાઈ કામદારના સહકારથી સેવા સપ્તાહ ઉજવાયો.

# ડ્રગ્સ બીન જામીન પાત્ર ગુનો

**શબ્દોનું સ્પંદન**



પ્રા. બિંદુ મહેતા

ડ્રગ્સનું સેવન કરવું. કરાવવું હેરાફેરી કરવી કે વેચાણ ખરીદી કરવી આ ગુનો છે આ ગુનો એવો છે કે જે લેનારને ઉધઈની જેમ કોરી ખાય છે તે માણસને નકામો બનાવી દે છે અને આ નશામાં વિશ્વનું યુવાધન ખતમ થઈ રહ્યું છે. આપણે વારંવાર સમાચારમાં જોઈએ છીએ કે ફલાણી ફલાણી વ્યક્તિ આ તે આટલા કરોડના ડ્રગ્સ સાથે પકડાણી જેના પરથી ખ્યાલ આવે કે દેશમાં ડ્રગ્સ પેડલરો કેટલા હોઈ શકે અને તેના બંધાણી કેટલા હોઈ શકે અહિં એક સત્ય કિસ્સો જણાવું છું. મારી એક સ્કુલથી બેનપણી પરણી કે તરત જ તેને ખબર પડી કે તેનો પતિ ડ્રગ્સ લે છે જેની મિત્રતા એક ફિલ્મી અભિનેતા સાથે હતી. જેઓ સાથે ડ્રગ્સ લેતા તેણે પતિને તે આદત છોડાવવા પોતાના બધા જ દાગીના વેંચી નાખ્યા ને હોસ્પિટલમાં રાખી દવા કરાવી પણ પતિની આદત ગઈ નહિ. પતિ પાંચ બહેન વચ્ચે એક ભાઈ તેઓ એક વખત વૈભવશાળી વિસ્તારમાં વિશાળ ફ્લેટમાં રહેતા નામાંકિત કલબમાં મેંબર પણ હતા તે બધું વેંચી પરામાં રહેવા આવ્યા. એક નણંદ ને ભોજાઈએ ઘર ચલાવ્યું ને ભાઈને–પતિને આખી જિંદગી ખીસાખર્ચી આપી સાચવ્યો તેણે પોતાની દીકરીને પણ ભણાવી પગભર કરી પરણાવી. ડ્રગ્સ અમારો ભણાવવાનો વિષય હોવાથી ડ્રગ્સના ઉપચાર કેન્દ્રની સંસ્થામાંથી કાયમ કોઈને વક્તા તરીકે બોલાવીએ તેઓ પોતાના અનુભવને ઉપચાર પધ્ધતિ જણાવે એક ડ્રગ્સનો બંધાણી કહે મેં ડ્રગ્સ છોડી દીધું છે. પણ કોઈને સિગરેટ પોતા જોઉ તો પણ તલપ થાય ડ્રગ્સનું નામ સાંભળુ કે કોઈને લેતા જોઉ તો પણ મન થઈ જાય ડ્રગ્સનું જાળું આખા વિશ્વમાં ફેલાયેલું છે ને તે બહુ જ સરળતાથી કોલેજીયનો સુધી પહોંચી શકે છે. જેનાથી યુવાધનની સર્જનાત્મક શક્તિ ખતમ થઈ રહી છે. અહિં બીજો કિસ્સો શ્રી હરકિસન મહેતાની પ્રવાસ કથા સ્વીડન સોનાનું પીંજરૂમાં એક સત્ય હકીક્ત લખી છે. બે પ્રેમી સાયન્સના વિદ્યાર્થી ડૉ. બનવાનું જેનું સ્વપ્ન હતું. અનાયસે છોકરાને ડ્રગ્સની આદત પડી તેની પ્રેમીકાએ તેને ડ્રગ્સ છોડાવવા માટે ખુબ સમજાવ્યો પ્રેમીએ કહ્યું કે તું ડ્રગ્સ લેવાનું શરૂ કર પછી આપણે બન્ને છોડી દેશું છોકરીનું મનોબળ મજબુત હતું તેથી તેણે પ્રેમાની શર્ત માનીને ડ્રગ્સ લેવાનું શરૂ કર્યું. પ્રેમીને ખબર હતી કે તેની પ્રેમિકા મજબૂત મનોબળવાળી છે. તેથી તે તેને ડ્રગ્સનો વધારે ને વધારે ડોઝ આપવા લાગ્યો બન્ને પાકકા બંધાણી થયા ભણવાનું ગયું નોકરી કરી તે પણ ગઈ અંતે પ્રેમિકાએ વૈશ્યા વ્યવસાય કર્યો તેમાં પણ લાંબુ ન ચાલ્યું જાતિય ઈચ્છા તેની ખતમ થઈ ગઈ હતી. આ પ્રેમી ડ્રગ્સના ઈન્જેક્શન લેતા નશામાં ચૂર રહેતા પૈસા માટે પ્રેમિકા સેક્સનો લાઈવ શૉ કરતી અને પ્રેમી બહાર તેના પોસ્ટરો લઈ શૉ મા આકર્ષવા પ્રચાર કરતો એક દિવસ જ્યારે આ શો બંધ હોય ત્યારે આ પ્રેમીએ હરકિસન મહેતાને કહ્યું કે આજે અમે તમને અમારી વાત કરી તમે આજે અમને ડ્રગ્સ માટે પૈસા આપો તેઓ કહે કે અમને મરવાનું પણ મન નથી થતું ને જીવવામાં પણ રસ નથી. માત્ર ને માત્ર અમે ડ્રગ્સના નશામાં જ રહેવા માંગીએ છીએ. ડ્રગ્સમાં વેડફાતા માનવ જીવનની કરૂણતા નર્ક સમાન છે. તેથી ડ્રગ્સનો ગુનો બીનજામીન પાત્ર જ હોવો જોઈએ. આજે બોલીવુડનું આંધળું અનુકરણ તરૂણો ને યુવાનો કરે છે. જે ખતરાની ઘંટડી છે. જેનો કડક રીતે સામાજિક બહિષ્કાર થવો જોઈએ અને આવા લોકોની ફેન કલબ બંધ થવી જોઈએ.






વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૦મા જન્મદિવસની સમગ્ર ભારતમાં સેવાકાર્યો કરી તેમના સમર્થકો અને ભાજપાયીઓ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. ૧૭ સપ્ટેમ્બરથી લઈ ૨૩ સપ્ટેમ્બર સુધી સેવા સપ્તાહ અંતર્ગત ઘાટકોપરમાં જાણીતા ભાજપા મહિલા આઘાડી આગેવાન મીના અંતાણી દ્વારા વિવિધ પ્રોજેક્ટ્સ તથા જરૂરી વસ્તુઓનું વિતરણ કરી ઉજવણી કરી હતી. કોરોના મહામારીને ધ્યાનમાં લઈ જરૂરી સાધનો જેવા કે માસ્ક, સેનીટાઈઝર તથા સ્ટીમ મશીનનું ગરીબ લોકોને વિતરણ કરવામાં આવ્યું હતું. હાલના સમયમાં મધ્યમ વર્ગીય તથા અનેક જરૂરીયાતમંદોએ વ્યવસાય આદિ કામકાજ ગુમાવ્યા હોવાથી આવા જરૂરીયાતમંદોને ફૂડ કીટનું તથા હોમિયોપેથીક દવાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ગૌસેવા, પશુસેવા તથા પક્ષીસેવા જેવા કાર્યો દ્વારા મુંગા પ્રાણીઓની પણ સેવા કરાઈ હતી.



# જન્મદિવસે સ્મરણાંજલિ







જન્મ
૨૫-૯-૧૯૨૫

દેહવિલય
૯-૮-૨૦૨૦

## સ્વ. ધીરુભાઈ માણેકલાલ મહેતા (સી.એ.)

ઘાટકોપરના મોભી શ્રી માણેકલાલ અમુલખરાય મહેતા સુપુત્ર સ્વ. ધીરુભાઈ મહેતા જેઓ કાર્યને જીવન માનનારા જન્મદિવસને ઉત્સવની જેમ ઉજવનારા પરોપકારી પ્રવૃત્તિમય પ્રસન્ન દિર્ઘાયુ જીવન જીવ્યા. તેમની યાદ સદાયે લોકોના હૃદયમાં વસેલી રહેશે.

**પ્રેમાળ બાપુજીને તેમના જન્મદિને કુટુંબીજનો તરફથી સ્નેહભરી સ્મરણાંજલિ...**

લી.

**સમગ્ર માણેકલાલ અમુલખરાય મહેતા પરિવારના જય જિનેન્દ્ર**

# કચ્છીઓ માટે ખુશખબર : મુંબઈ-ભુજ સયાજીનગરી એક્સપ્રેસ ફરી શરૂ




કોરોના મહામારીના કારણે લોકડાઉનના પગલે છેલ્લા છ મહિનાથી મુંબઈ અને કચ્છ વચ્ચેનો ટ્રેન વ્યવહાર બંધ હતો. હાલમાં જ ૮૬ સ્પેશિયલ ટ્રેનની જાહેરાતમાં પણ કચ્છને ટ્રેન ફાળવવામાં આવી નહોતી, પરંતુ શ્રી કચ્છ પ્રવાસી સંઘ તેમજ અન્ય સંસ્થાઓના પ્રયત્નથી મંગળવાર, તા. ૨૨ સપ્ટેમ્બરથી મુંબઈ-કચ્છ વચ્ચે સયાજીનગરી સ્પેશિયલ ટ્રેન શરૂ થઇ ગઈ છે. ૨૨મી સપ્ટેમ્બરના ભુજથી મુંબઈ માટેની સયાજીનગરી એક્સપ્રેસ (૧૯૧૧૫) ઉપડી ચૂકી છે. દાદરથી ભુજ માટેની સયાજીનગરી એક્સપ્રેસ આજે, બુધવાર ૨૩ સપ્ટેમ્બરના રવાના થશે. આ ટ્રેન બોરીવલી, વાપી, વલસાડ, નવસારી, સુરત, અંકલેશ્વર, વડોદરા, આણંદ, અમદાવાદ, ધાંગધ્રા અને ગાંધીધામ સ્ટેશનો પર ઉભી રહેશે.

આ અંગે કચ્છના સાંસદ વિનોદ ચાવડાએ બહાર પાડેલ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે લોકલાગણી અને જનપ્રતિનિધિઓની માગણી તેમજ ગુજરાત-મહારાષ્ટ્ર સરકારની મંજૂરીથી શરૂ કરવામાં આવી છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે સોશિયલ ડીસ્ટન્સિંગ પાલન અને બંને સરકારોએ કોવિડ-૧૯ માટે જે નિયમો જાહેર કર્યા છે તે અનુસાર મુસાફરી કરવા લોકોને અપીલ કરવામાં આવે છે. જો નિયમભંગ થશે તો અથવા કોવિડ-૧૯નું સંક્રમણ વધશે તો ટ્રેન બંધ થઇ શકે છે માટે પ્રવાસીઓએ નિયમ પાલન કરવું. લોકડાઉન શરૂ થતાં મુંબઈ સાથેનો આવન જાવન ટ્રેન સંપર્ક બંધ થઇ ગયો હતો. હવે અનલોકના સમયમાં ટ્રેન સેવા શરૂ થાય છે. આ ટ્રેન સેવા અને અન્ય બંધ થઇ ગયેલ ટ્રેનો જલદીથી શરૂ થાય તે માટે નિયમપાલન ખૂબ જરૂરી છે એમ વિનોદ ચાવડાએ કહ્યું હતું અને ટ્રેન સેવા શરૂ કરવા રેલ્વે મંત્રીનો આભાર માન્યો હતો.

## સયાજી નગરી એક્સપ્રેસ ૦૯૧૧૫/૧૬

રેલ્વે દ્વારા સ્પેશ્યલ ટ્રેન સયાજી નગરી એક્સપ્રેસ ૦૯૧૧૫/૧૬નું રિઝર્વવેશન ચાલુ થઈ ગયું છે. મુસાફરીનું ભાડું વધારવામાં નથી આવ્યું. આ ટ્રેનમાં તત્કાલ ક્વોટા પણ છે.

| રેલ | ભાડું | રેલ | ભાડું |
|---|---|---|---|
| | | તત્કાલ ક્વોટા | |
| ★ સ્લીપર | રૂા. ૪૬૫/- | ★ સ્લીપર | ૨૬૪ |
| ★ 3AC | રૂા. ૧,૨૧૦/- | ★ 3AC | ૬૦ |
| ★ 2AC | રૂા. ૧,૭૧૫/- | ★ 2AC | ૧૦ |
| ★ 1AC | રૂા. ૨,૮૫૫/- | | |

★ સિનીયર સિટીઝન સબસીડી આપવામાં નહીં આવે.

★ દિવાળી તથા કાર્તિક પૂર્ણિમાનાં પ્રવાસીઓ પણ હમણાં રિઝર્વેશન કરાવી શકે છે.

★ કચ્છનાં કલેક્ટર કચેરીમાં પણ ક્વોરંટાઇન અંગે ફેર વિચારણા કરવાં વિનંતી કરી છે.

# સંસદ સભ્ય મનોજ કોટકના માર્ગદર્શનથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો જન્મદિવસ ઉજવણી પોષણ અભિયાન ઝુંબેશ કરી




જનમાનસ પ્રિય વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીનો ૭૦મો જન્મદિવસ તા. ૧૭ સપ્ટેમ્બર ગુરૂવારે હતો. આ દિવસે સમગ્ર દેશભરમાં સેવાસપ્તાહ તરીકે ભારતીય જનતા પાર્ટી દ્વારા ઉજવણી કરાઈ. જેમા જનહિત સેવાના વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

સંસદ સભ્ય મનોજ કોટકના માર્ગદર્શન હેઠળ ઈશાન મુંબઈ ભાજપ મંડળ દ્વારા સહી પોષણ દેશ રોશન સૂત્ર હેઠળ પોષણમાસ અભિયાન પૂરો સપ્ટેમ્બર માસમાં ચલાવાશે આ ઝુંબેશના ભાગરૂપે ઈશાન્ય મુંબઈ મતદાર સંઘના ૭૦ જેટલા કુપોષિત બાળકોને પોષણ યુક્ત ખાદ્ય પદાર્થ કીટ ભાજપના કાર્યકર્તાઓ દ્વારા અપાઈ હતી.



# જીવન દર્શન

**ચંદ્રેશ પારેખની કલમે....**



જીવનમાં સુખને સુખ કદી હોતું નથી. વધારે પડતું સુખ પણ દુ:ખમાં પરિણમે છે. આ જીવનનું ચક્ર છે, તે ફરતું રહે છે. એટલે જ જીવનનો આનંદ છે. સુખ અને દુ:ખ. સુખથી ડરે તે સાધુ અને દુ:ખથી ડરે તે સંસારી. સુખમાં તમારી બેંક બેલેન્સ શૂન્ય થાય છે. જ્યારે દુ:ખમાં સહિષ્ણુ અને સાવધાન બનશો તો પુણ્યરૂપી બેંક બેલન્સ તગડી થશે. અપેક્ષાએ સુખ કરતાં પણ દુ:ખ સારૂ છે. સુખમાં પ્રભુનું વિસ્મરણ થાય છે અને દુ:ખમાં પ્રભુનું સ્મરણ થાય છે.સુખમાં મિત્રો પણ દુશ્મન બને છે, દુ:ખમાં શત્રુ પણ મિત્ર બને છે. સુખ કાળોતરો નાગ છે, દુ:ખ લીલોછમ બાગ-બગીચા સમાન છે. સુખની અવસ્થા કર્મોને આમંત્રણ આપે છે. દુ:ખની સ્થિતિમાં જાગૃતિ હશે તો પુરાણા કર્મોનો ક્ષય થશે અને દુ:ખના સમયમાં પણ સમાધિ અકબંધ રહેશે. મનુષ્યના જીવનમાં દુ:ખના દિવસો પણ કાયમી નથી રહેતા તો કામચલાઉ છે. માનવીએ જીવનમાં આપત્તિને પણ સંપત્તિ બનાવવી હોય તો પ્રત્યેક ક્ષણને અમ્પાયરની જેમ સ્થિતપ્રજ્ઞ બનીને જોયા કરો

એક ગર્ભશ્રીમંત શેઠ હતા. ધન, દોલત, સંપત્તિ અપાર હતી. તેમને સુખ શું છે તે જાણવું હતું. સાચું સુખ તેમણે અનુભવ્યું નહોતું. કોઈએ કહ્યું અહીંથી થોડે દૂર ગામ બહાર ઝાડ નીચે એક ફકીર રહે છે. સુખ શું છે તે બતાવી શકે છે.

શેઠે આ ફકીર પાસે આવીને કહ્યું બાબા મારે સુખ શું છે તે જાણવું છે, અનુભવવું છે. મને તે માટેનો રસ્તો બતાવો.

ફકીર ઓલિયો અને ધૂની માણસ હતો. શેઠ તરફ નજર કરીને કહ્યું: સુખ શું છે એ તારે જાણવું છે? શેઠે કહ્યું: આપ જણાવો તો ઉપકાર.

ફકીરે કહ્યું: દુ:ખ શું છે તેની તને ખબર છે? દુ:ખનો અનુભવ તે કદી કર્યો છે?

શેઠે કહ્યું: ના મહારાજ, પણ મારે તો સુખ શું છે તે જાણવું છે. જણાવશો તો કૃપા થશે.

ફકીરે કહ્યું: એમાં કૃપા શાની. સુખ જોઇતું હોય તો તારે તેની કિંમત ચૂકવવી પડશે.

શેઠે કહ્યું: હું ગમે તે કિંમત ચૂકવવા તૈયાર છું. બસ આપ મહેરબાની કરો.

શેઠે રૂપિયાની થેલી ફકીરના ચરણોમાં મૂકી અને કહ્યું: હવે તો આપ મને સુખનો અહેસાસ કરાવો.

ફકીર રૂપિયાની થેલીને એકીટશે જોઈ રહ્યો અને પછી થેલી ઉપાડીને ભાગ્યો.

શેઠ સ્તબ્ધ બની ગયા. તેને થયું આ લુચ્ચો, લબાડ-ધૂર્ત ફકીર મને બનાવી ગયો, પરંતુ એમ ફોગટના પૈસા કેમ જવા દેવાય. તેણે બૂમો પાડીને ફકીરની પાછળ દોટ મૂકી. ફકીર આગળ અને શેઠ પાછળ. શેઠ દોડતા રહ્યા, હાંફી ગયા. શ્વાસ હમણાં નીકળી જશે એમ થયું, પરંતુ એમ પૈસા જતા શી રીતે કરી શકાય.

ફકીર દોડતો દોડતો એક વૃક્ષ પાસે અટકી ગયો. શેઠના શ્વાસ અધ્ધર થઈ ગયા અને તેઓ ફકીરની નજીક પહોંચે એ પહેલાં ફકીરે પૈસાની થેલીનો ઘા તેના તરફ કર્યો. થેલી નીચે પડી કે તુરત શેઠે ઊંચકી લીધી અને છાતી સરસી ચાંપીને નિરાંતનો દમ લીધો. ત્યારે ફકીરે કહ્યું; શેઠ, આ ક્ષણ તમારા સુખની ક્ષણ. આવા સુખનો અનુભવ તમે કદી નહીં કર્યો હોય.

ઓશોએ ટાંકેલી આ કથાનો સાર એટલો છે કે દુ:ખ અને મુશ્કેલી દૂર થાય એ પછીની ક્ષણો સુખની હોય છે. દુ:ખ વગર સુખનો સાચો અનુભવ થઈ શકતો નથી. સુખ અને દુ:ખ એકબીજાના પૂરક છે. જીવનમાં સુખને સુખ કદી હોતું નથી. વધારે પડતું સુખ પણ દુ:ખમાં પરિણમે છે. આ જીવનનું ચક્ર છે. તે ફરતું રહે છે. એટલે જ જીવનનો આનંદ છે.

જીવનમાં આનંદ અને ખુશીની જરૂર છે, તેના વિના જીવન શુષ્ક અને રસવિહીન બની જાય. મોટા ભાગના લોકો ભોગવે છે પણ તેનો આનંદ માણી શકતા નથી. માણસ વિચારે છે પહેલાં ભેગું કરી લઇએ પછી નિરાંતે આનંદ માણીશું. ભેગું કરવામાં જિંદગી વીતી જાય છે પછી સમય રહેતો નથી. માણસ સાચો આનંદ માણી શકતો નથી તેનું મુખ્ય કારણ તનાવ છે. સાચી ખોટી ચિંતાઓ અને ઉપાધિઓના બોજ હેઠળ તે દબાયેલો રહે છે. કેટલાક લોકો કારણ વગર ભાર લઇને ફરતા હોય છે અને વાતવાતમાં ઉગ્ર બની જતા હોય છે. આવા લોકોની હાજરી વાતાવરણને તંગ બનાવી દે છે. કેટલાક માણસો સોગિયું મોઢું રાખીને ફરતા હોય છે. તેને એમ લાગે છે કે તે જગતમાં તેના જેવું બીજું કોઈ દુ:ખી નથી. તેઓ સતત ટેન્શનમાં રહે છે અને આસપાસના લોકોને પણ ટેન્શનમાં રાખે છે. જ્યારે કેટલાક માણસો ખુશમિજાજી હોય છે. ગમે તેટલું દુ:ખ હોય કદી રોદણા રોતા નથી ગમે તેવી ચિંતા હોય તો પણ હસી શકે છે. દુ:ખને કળાવા દેતા નથી. આવા માણસો મુસીબતોનો સામનો કરી શકે છે અને તેમાંથી બહાર નીકળી શકે છે. (ક્રમશ:)

# સાંસદ મનોજ કોટકના ફેસબુક જેવું ફેક એકાઉન્ટ બનાવી ફ્રોડનો પ્રયાસ ફેલ કરાયો

ઈશાન્ય મુંબઈ લોકસભા ક્ષેત્રના સાંસદ મનોજ કોટકના અધિકૃત ફેસબુક એકાઉન્ટ જેવું ફ્રોડ એકાઉન્ટ બનાવીને લોકોને છેતરવાનો પ્રયાસની ફરિયાદ મુલુંડ પોલીસમાં નોંધાઈ હતી. પોલીસએ આઈપીસી કલમ ૪૨૦ અને ૬૬ને આધારે કેસ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

લોકડાઉનને કારણે ઓનલાઈન છેતરપિંડીની ઘટનાઓમાં વધારો થયો છે. અને આવો પ્રયાસ વર્તમાન સંસદ સભ્ય સાથે થયો હતો. આ ફેક એકાઉન્ટનો ઉપયોગ કરી અમુક લોક પાસે પૈસાની ડિમાન્ડ કરી સાંજ સુધી પૈસા પરત કરી દઈશ એવો મેસેજ મોકલાયો હતો. આ મામલો સામે આવતા મનોજ કોટકના પર્સનલ આંસિસ્ટન્ટ તરફથી મુલુંડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. જોકે આ મામલો વહેલો ખુલ્લો પડી જતાં ફ્રોડકાર તેનો લાભ લઈ શક્યો ન હતો. પોલીસ સઘન રીતે આ મામલાની છાનબીન કરી આરોપીનો સગડ મેળવી રહી છે. અને વહેલી તકે તેને ઝડપી લેવા આશાવાદ વ્યકત કર્યો છે.

# મુંબઈની લોકલ ટ્રેનોને સામાન્ય લોકો માટે પણ પૂર્વવત કરવામાં આવે

## સાંસદ મનોજ કોટકે લોકસભામાં ઉઠાવ્યો મુંબઈ લોકલ ટ્રેનનો મુદ્દો




ઈશાન્ય મુંબઈના સાંસદ શ્રી મનોજ કોટકે સોમવાર, તા. ૨૧ સપ્ટેમ્બરના લોકસભામાં મુંબઈ ખાતે ફક્ત સરકારી અને આવશ્યક સેવાના કર્મચારીઓ માટે જ દોડતી લોકલ ટ્રેનોને સામાન્ય જનતા માટે પણ પૂર્વવત કરવાની માંગણી કરી હતી. આ ઉપરાંત તેમણે એમ પણ કહ્યું કે પ્રવાસીઓને રાહત મળે એ માટે હાલમાં દોડતી વિશેષ ટ્રેનોને ભાંડુપ અને વિક્રોલી સ્ટેશન પર પણ સ્ટોપ આપવો જોઇએ.

# સકારાત્મક બનો



– રાજયોગી બ્રહ્માકુમાર નિકુંજ

મનુષ્ય પ્રાણીને ભગવાનની સૌથી અદ્ભુત રચના માનવામાં આવે છે.કેહવાય છે કે મનુષ્યની રચના કર્યા બાદ ભગવાને નવી રચના રચવા માટેનો સંચો(મોલ્ડ) જ તોડી નાખ્યો. એ હિસાબે આપણે બધા કેટલા અમુલ્ય છીએ.પણ શું આપણને ખરેખર આનું ભાન છે ખરું? કદાચ નહીં!!! કારણ કે વર્તમાન દુનિયા માં તો આપણી આજુ બાજુ ફક્ત દુઃખ,અશાંતિ અને ભ્રષ્ટાચાર નું જ રાજ્ય છે. એમાં પણ જયારે આપણે વ્યક્તિગત,વ્યાવસાયિક,તબીબી તેમજ શૈક્ષણિક સમસ્યાઓ થી જજુમી રહ્યા છીએ,ત્યારે આપણને જ્ઞાની-ગુણી આત્માઓ દ્વારા એકજ સાચી સલાહ મળે છે કે '' સકારાત્મક બનો'' જેને અંગ્રેજી માં કેહવાય '' બી પોઝિટીવ''.

સંપૂર્ણ વિશ્વ માં મનુષ્યએ સદા ''પોઝિટીવ'' કઈ રીતે રેહવું એ વિષય ઉપર અસંખ્ય પુસ્તકો લખાયા છે, વ્યાખ્યાનો તેમજ સંશોધનો થઇ ચુક્યા છે,થઇ રહ્યા છે અને આગળ પણ થતા રહેશે .પરંતુ મન માં સહેજે એક પ્રશ્ન થાય છે કે ''પોઝિટીવ'' બનવું શું ખરેખર એટલું સહેલું છે? શું કોઈ પણ વ્યક્તિ એક ચપટી વગાડતા માં પોઝિટીવ બની શકે ? હવે એનો જવાબ તો એજ જાણે જેણે પોતે આવો કોઈ ખરેખર અનુભવ કર્યો હોય ! કારણ કે ખાંડ ની મીઠાસ કેટલી છે એ તો ખાવા વાળો જ જાણે.

મનોવૈજ્ઞાનિકો દ્વારા એમ સિદ્ધ કરવા માં આવ્યું છે કે ''નકારાત્મકતા''આપણી અંદર નકામા વિચારોની ઉત્પત્તિ કરે છે અને સાથે સાથે આપણા વિચારોની ગતિમાં વધારો કરે છે ,જેને કારણે આપણા વિચારોની ગુણવત્તા ઓછી થઇ જાય છે અને એની સાથે સાથે આપણું જીવન પણ સાવ નિર્જીવ જેવું બનતું જાય છે.જયારે કે આનાથી સાવ વિપરીત ''આત્મનિરીક્ષણ'' દ્વારા તેમજ સકારાત્મક વિચારધારાથી આપણને એ સનાતન સત્યનું ભાન થાય છે કે જેમ પ્રેમ,શાંતિ,આનંદ,સુખ આપણા જીવન માં સ્થાઈ નથી ,એવીજ રીતે ક્રોધ,અહંકાર, ઈર્ષ્યા અને નફરત જેવા નકારાત્મક ગુણ પણ કાયમ આપણા જીવનમાં રેહતા નથી .માટે જો આ વિશ્વ માં અનંત કંઇ છે તો એ ફક્ત ''જ્યોતિ બિંદુ આત્મા ''જ છે ,જે અજર અને અમર છે, સકારાત્મક સ્વરૂપ છે અને આપણું મૂળ અસ્તિત્વ છે .અતઃ ફરી એ મૂળ સ્વરૂપ માં સ્થિત થવા માટે આપણા સૌ માટે ''અંતર યાત્રા'' કરવી એ ફરજિયાત છે ,જેના વગર આપણે જીવન રૂપી ''બાહ્ય યાત્રા'' નું સુખ માણી નહીં શકીએ. અત્માંનુંભૂતી આપણને ખુબજ સરળતાથી ભૂતકાળમાં કરેલી ભૂલોને ભુલાવીને એને શિક્ષાપ્રદ અનુભવના રૂપે સમજીને આગળ વધવામાં મદદ કરે છે .જયારે આપણે પોતાની ભૂલો થી શીખવાનું શરુ કરીએ છીએ,ત્યારે સાચા અર્થ માં આપણને જીવન નો સારાંશ સમજાય છે કે ''જે થયું તે સારું થયું,જે થઇ રહ્યું છે તે સારું થઇ રહ્યું છે અને ભવિષ્ય માં જે થશે તે પણ સારું જ થશે''. માટે પોતાની કરેલી ભૂલો થી સીખવાની ઈચ્છા શક્તિ જેઓ રાખે છે ,તેઓ નિષ્ફળતાને પણ સફળતા માં પરિવર્તિત કરી કરી લે છે . આમ, જીવનના ઊંચા-નીચા રસ્તાઓ પર ચાલતા-ચાલતા ,સીખતા-સીખવાડતા અનેક નિષ્ફળતાઓ ને પાર કરી સફળતાઓ ને હાંસલ કરતા કરતા આપણી અંદર સહજ જ ''સકારાત્મકતા''નો ગુણ આવી જાય છે અને આપણા આ જ સ્વાભાવિક ગુણ થી આપણે બીજાઓને પણ પ્રેરિત કરી એમને પણ નકારાત્મકતા થી સંપૂર્ણ મુક્તિ અપાવી શકીએ છીએ.

**તો !! આજ થી,હમણાં થી જ ''બી પોઝિટીવ''**
**-''સી પોઝિટીવ'' અને ''ટોક પોઝિટીવ''.**

## 'This is life'



- Yesha Kotak

This section is in Collaboration with Leo Multiple 3231

# This Mother-Daughter Duo Are Promoting Artisans

Around 13 years back, Minal Bhatia from Ghatkopar, had a thought that those coming to visit India from abroad would want to carry a piece of the country with them. Which is when, three years later she started 'House of bliss artist community' with the idea of promoting local artisans from Kutch to their friends and guests, who would come and stay their homestay and organic farm facilities at Lonavala and Kutch respectively. Over the last 10 years, this initiative has grown into a facility, which provides a platform for more than 40 artists from across the country to display their skills and products. The platform is provided to products such as that from beauty industry, fashion, artifacts and food. Some of the brands that they have helped grow include - The Nature's Co, Khidkee, Tea Trunk, Oliver PetCare and Snackible, among others.

Minal's daughter Manasvi Bhatia has also joined her since the last few years, and helps professionals and aspiring talent to speak or speak for their guests, by holding sessions on various topics, which include astronomy, caricature, motivational speeches, their experiences, etc.

Here are the excerpts of the interview with Minal and Manasvi:

Yesha: How has the initiative worked out as your daughter took over?

Minal: I must say that though I started the initiative, Manasvi has taken it forth very well. In December 2017, she started these events at our properties, which provides platform for artists to speak to our guests or share their experiences. While these are pre-planned events, they have been of quite an interest among the young homestayers.

Yesha: Did you'll come across any challenges that you had to face while working on this initiative?

Manasvi: In the aftermath of 2000 Gujarat earthquake, we decided to donate 50 acres of our land from our farm house at Kutch for children who would have lost their families in the Earthquake. This land was provided to make schools and other facilities for these children, and it was given to Muslims of that area. We realised that these were Muslim Kutchis, and we were just going by what my grandfather and father has taught me. But, some people criticised us for helping Muslims. We don't believe in this kind of discrimination.

Yesha: Any success story that you can share with us?

Manasvi: There is a lady from Mulund, she makes amazing healthy cookies. When she approached us, she was looking for a platform. Today, her protein bars are purchased by those visiting Sunil Shetty's gym.

Yesha: How do you manage to provide a platform for 'start-ups of these homegrown artists'?

Manasvi: So, we all know that there are brands, but these brands have become a brand over a period of time. But people would opt for these brands, so to provide a competitive market for them, we ask these artists to provide discounts to our guests. That



discount gets adjusted in their earnings because they do not need to pay us for the space nor do we ask them for a commission. So, they are saving their money there. Also, these products are organic and much better in quality than the products you get in market. This provides them a platform and makes them reach out to clients.

# ૨૧ સપ્ટેમ્બર વિશ્વ અલ્ઝાઈમર દિવસ (World Alzheimer Day)

**ડૉ. મણીલાલ ગડા સિનીયર મનોચિકિત્સક**
**ડૉ. દિપ્તીશાહ (ગડા) મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**

૨૧ સપ્ટેમ્બર વિશ્વમાં અલ્ઝાઈમર દિવસ તરીકે મનાવાય છે.

સામાન્ય રીતે ૬૦થી વધારે ઉંમરમાં આ બીમારી લાગુ પડે છે. ૬૫ થી ૭૦ વર્ષની વ્યક્તિઓમાં લગભગ ૫% વૃધ્ધોમાં આ રોગ જોવા મળે છે. પછી દરેક પાંચ વર્ષે આ ટકાવારી બમણી થતી જાય છે. ૯૦ વર્ષે લગભગ ૫૦% લોકોમાં આ રોગ જોવા મળે છે.

**એલોઈસ અલ્ઝાઈમર :** જર્મન ડોક્ટર એલોઈસ અલ્ઝાઈમરે મગજની બીમારીથી મરણ પામેલ સ્ત્રીના મગજના કોષોમાં થયેલા ફેરફારોની સૌપ્રથમ નોંધ કરેલ. આથી આ રોગનું નામ 'અલ્ઝાઈમર રોગ (A.D.-એ.ડી.)' અપાયેલ છે.

ડિમેન્સિયા બધાને થશે એવું નથી. ડિમેન્સિયામાં મનના કાર્યો જેવા કે યાદશક્તિ, એકાગ્રતા, નિર્ણય કરવાની શક્તિ, આયોજન શક્તિ તથા વહીવટીલક્ષી કાર્યો કરવાની શક્તિ ઓછી થાય છે. ક્ષીણ થતી જાય છે.

ડિમેન્શિયા-અલ્ઝાઈમર, ડીજનેરેટીવ રોગ છે. લાંબાગાળાની (chronic) બીમારી છે.

**અ) માનસિક લક્ષણો :**

**૧) ભ્રમ** (Delusions) : ખોટી માન્યતાની જેમ ભ્રમ આવે. ગમે તેટલું સમજાવ્યા છતાં વરિષ્ઠ નાગરિક સમજે નહી. પોતાના વિચારોને જ સત્ય માને તથા એ ભ્રમ પ્રમાણે વર્તણૂક કરે.

**વહેમ આવવા :**

વ્યક્તિ પોતાની વસ્તુ ક્યાંક મૂકી છે જે પછી યાદ આવતી નથી. વ્યક્તિને લાગે છે કે કોઈએ એ વસ્તુ ચોરી લીધી છે. ચોરીનો આરોપ પરિવારની વ્યક્તિ અથવા નોકર પર આવે. આને લીધે પરિવારમાં ગેરસમજ થાય છે.

બીમારીના શરૂઆતમાં પરિવારજનો આ ચોરીના આરોપને સાચો માને. જ્યારે વસ્તુ એ વ્યક્તિ (દરદી) પાસેથી જ મળે ત્યારે સત્ય હકીકત સમજાય.

**૨) આભાસ થયો :** આસપાસમાં કોઈપણ ન હોય છતાં એનો ભાસ થાય અન્ય વ્યક્તિઓ કે કુટુંબીજનોને આ ભાસ થતો નથી. પાંચેય ઈન્દ્રિઓમાંથી કોઈપણ એક અથવા વધારે ઈન્દ્રિઓમાં આ ખલેલ થાય.

અ) 'શરીર પર જીવજંતુ ચાલે છે'. અન્ય વ્યક્તિને આ જીવજંતુ ન દેખાય. મેગ્નીફાઈંગ કાચથી પણ ન દેખાય.

બ) 'મારી બાજુમાં માણસો બેઠા છે, વાતો કરે છે'.

ક) 'દરવાજાની બેલ વાગી છે'.

ડ) 'ઘણા વર્ષો પહેલા મૃત્યુ પામેલી વ્યક્તિઓ દેખાય'. પરિવારજનો ગમે તેટલું સમજાવે છતાં વ્યક્તિ (દરદી) સમજે નહીં.

**૩) સ્વજનોને ન ઓળખવું :**

નજીકના સ્વજનોને દરદી ન ઓળખે અથવા એકના બદલે બીજા તરીકે ઓળખે.

કેસ ૬૬ વર્ષની ડીમેન્સિાયાથી પીડાતી મહિલાને મળવા પરદેશથી એનો સગો દીકરો આવ્યો. મહિલાએ પોતાના પતિને પૂછ્યું કે આ વ્યક્તિ કોણ છે? રાત્રે આપણા ઘરે શા માટે રહે છે? (દીકરો આઠેક વર્ષ બાદ આવ્યો હતો. પાંચેક વર્ષથી ઘરમાં પતિ-પત્ની જ રહેતા હતા.)

**૪) લાગણી શૂન્યતા :**

સુખ કે દુઃખની લાગણી વ્યક્તિ (દરદી) અનુભવી શકતી નથી તથા પ્રતિક્રિયા દરદી બતાડતી નથી, વ્યક્ત કરતી નથી. ઘરમાં લગ્નનો પ્રસંગ હોય, બાળકનો વર્ષો બાદ જન્મ થયો હોય, નાની




ઉંમરે સ્વજનનું મૃત્યુ થયું હોય તો પણ દરદીના મન પર અસર થતી નથી.

**બ) વર્તણૂંકને લગતા લક્ષણો**

**૫) ઊંઘની પ્રક્રિયા બદલાઈ જાય છે :**

**રાત્રે ઊંઘ આવતી નથી.** આખી રાત દરદી જાગે છે. પરોઢિયે કે વહેલી સવારે ઊંઘ આવે છે. **દિવસે ઊંઘ આવે છે.** ૨૪ કલાકમાં સપ્રમાણ ઊંઘ મળી રહે છે. ઊંઘની (સરકેડીયન રીધમ) સાઈકલ બદલાઈ જાય છે.

**૬) બહાર ભટકવાનું વધી જાય છે :**

દરદી કોઈને પણ જણાવ્યા વગર ઘરની બહાર નીકળી જાય છે. ઘણી વખત રસ્તો યાદ રહે છે. પરંતુ ઘણી વખત રસ્તો ભૂલી જાય છે. ઘરે પાછા આવવાનો રસ્તો શોધવામાં તકલીફ થાય છે.

રાત્રે દરદીને ઊંઘ ન આવતી હોય તથા ઘરના કુટુંબીજનો સૂઈ ગયા હોય ત્યારે દરદી દરવાજો ખોલીને બહાર નીકળી જાય છે. ઘણી વખત દરવાજો બંધ પણ કરતો નથી. રાત્રે દરવાજો ખૂલો રહે છે. આથી ઘરમાં ઘણી ગેરસમજ થાય છે.

**૭) ચિડિયાપણું/ગુસ્સો :**

ઘણી વખત નજીવી બાબતમાં ગુસ્સો આવી જાય. દરદી સામે વ્યક્તિને મારવા દોડી જાય. અપશબ્દો બોલે. થોડોક સમય પછી દરદીને આમાનું કાઈ યાદ ન રહે. પરિવારજનોને લાગે છે કે દરદી જાણી કરીને કહે છે કે યાદ નથી. **વૈજ્ઞાનિક રીતે સાચે જ દરદીને આ પ્રસંગ યાદ રહેતો નથી.**

**૮) સાંજના ભાગમાં લક્ષણો વધારે** (Sundowning) **:**

સાંજના ભાગમાં જેમ તડકો ઓછો થાય એ વખતે લક્ષણો વધુ જોવા મળે છે. મુઝવણ, ભૂલવાનું, આભાસ વગેરે વધી જાય છે અથવા એ વખતે જ જોવા મળે છે. સવારના તથા દિવસમાં એ વ્યક્તિ નોરમલ હોય છે.

**ક) ભુલકણાપણું સ્મૃતિભ્રંશ**

**૯) સ્મૃતિભ્રંશ :**

યાદશક્તિ ઓછી થાય છે. **તાજેતરના, વર્તમાન પ્રસંગો યાદ રહેતા નથી. જૂના વર્ષો પહેલાના પ્રસંગો ઊંડાણમાં યાદ રહે છે.** પરિચિત વ્યક્તિ કે વસ્તુના નામ યાદ રહેતા નથી. વસ્તુઓ ક્યાં મૂકી છે, કોનો ફોન આવ્યો હતો, કેટલા પૈસા કોને આપવાના છે, કોણ મળવા આવ્યું હતું, ગઈ કાલે બપોરે શું શું જમ્યા હતા. ખાસ કરીને શાક સાનું બનાવ્યું હતું વગેરે યાદ રહેતું નથી.

**૧૦) અમુક ઘટનાઓ જ ભૂલાય છે**

દરદીને જે ઘટના કે પ્રસંગમાં રસ હોય કે જે પ્રસંગો જોડે લાગણી (ખાસ કરીને નકારાત્મક લાગણી) જોડાયેલી હોય એ પ્રસંગો જલ્દી ભૂલાતા નથી. આથી કુટુંબીજનોને લાગે છે કે દરદી જાણી જોઈને ભૂલી જાય છે. **ભૂલી જવું ડિમેન્સીયા બીમારીનું લક્ષણ છે. દરદી જાણી જોઈને કે નાટક નથી કરતું.**

**૧૧) નામ શબ્દો ભૂલી જવાય છે**

શરૂઆતમાં વ્યક્તિ કે વસ્તુઓના નામ ભૂલી જવાય છે. પરંતુ એ વ્યક્તિ જોડેનો સંબંધ કે વસ્તુનો વપરાશ કેવી રીતે છે એ યાદ રહે છે (nominal aphasia)

યોગ્ય શબ્દો યોગ્ય સમયે યાદ આવતા નથી.

જેથી બોલવાનું તથા પોતાના વિચારો સામેની વ્યક્તિને સમજાવવામાં તકલીફ થાય છે તથા ગેરસમજ થાય છે.

**૧૨) જમી લીધું હોવ છતાં કહે છે કે જમવા મળ્યુ નથી :**

જમી લીધું છે એ દરદી ભૂલી જાય છે અને દરદી એમ કહે છે કે, 'મને જમવા મળ્યું નથી'. દરદી બીજી વાર એ જ વખતે વ્યવસ્થિત જમી લે છે. આથી પરિવારમાં ખૂબ જ ગેરસમજ થાય છે. કુટુંબીજનોને એમ લાગે છે કે, વડીલની યોગ્ય સંભાળ લેવાતી નથી. 'મારા પપ્પાને સમયસર જમવા પણ મળતું નથી'.

**૧૩) નિત્યક્રમમાં તકલીફ :**

રોજિંદા નિત્યક્રમ-બ્રશ કરવું, નહાવું, કપડાં વ્યવસ્થિત પહેરવા વગેરે શરૂઆતમાં દરદી કરી શકે છે. પરંતુ ડિમેન્સિયાની બીમારી વધતા આ કાર્યો વ્યવસ્થિત રીતે **કરવા માટે તકલીફ થાય છે. મદદની જરૂરત પડે છે.**

ઘણી વખત કપડામાં પેશાબ, સંડાસ થઈ જાય છે. દરદીને આનું ભાન રહેતું નથી.

**માનસિક તપાસ** (Mental Status Examination M.S.E.)

સ્મરણશક્તિની મનોચિકિત્સ તપાસમાં તાજેતરની સ્મરણશક્તિ (Recent Memories) તથા ઓરિએન્ટેશનમાં નકારાત્મક પરિણામ મળે છે.

**શારીરિક તપાસ :**

ડિમેન્સિાયાના અન્ય કારણો (વિટામીન ઓછા હોવા, ડાયાબીટિસ, થાઈરોઈડ) વગેરેની તપાસ કરવી જરૂરી છે.

**સારાંશ :**

૬૫ વર્ષ બાદ વર્તન તથા માનસિક લક્ષણો હોય તો મનોચિકિત્સક પાસેથી નિદાન કરાવી. સારવાર કરવી જરૂરી છે.

દરદી નાટક નથી કરતો. પરંતુ આ એક બ્રેઈનની બીમારી છે. જેમાં ન્યુરોટ્રાન્સમીટર્સ (રસાયણો) ઓછા થાય છે.

## આગામી માસ દરમ્યાન શાળાઓ શરૂ થઈ શકે

કેન્દ્ર સરકાર દ્વારા તા. ૨૧ સપ્ટેમ્બરથી નવથી બાર ધોરણના વર્ગો શરૂ કરવાની પરવાનગી અપાઈ છે. જે અમલમાં લાવી અમુક રાજ્યોમાં ઉચ્ચ ધોરણના ક્લાસ શરૂ કરાયા છે. પણ મહારાષ્ટ્ર રાજ્યમાં કોરોનાને કારણે સર્જાયેલી પરિસ્થિતિને લક્ષમાં રાખી સપ્ટેમ્બર માસના અંત સુધી શાળાઓ શરૂ કરવાનું શક્ય નહી હોવાનો મત રાજ્યના શિક્ષણ મંત્રી વર્ષા ગાયકવાડ દ્વારા જણાવાયું છે.

સમગ્ર દેશમાં અનલોકની પ્રક્રિયા દર માસે ધીરે ધીરે આગળ વધી રહી છે. તા. ૧ સપ્ટેમ્બરના કેન્દ્ર સરકારની અનલોક માર્ગદર્શીકામાં જણાવ્યા મુજબ તા. ૨૧ સપ્ટેમ્બરથી નવથી બાર ધોરણના વર્ગોને શરૂ કરવાની મંજૂરી અપાઈ છે. પણ આખરનો નિર્ણય સ્થાનિક પરિસ્થિતિ જોઈને રાજ્ય સરકાર લે એવો નિર્ણય કેન્દ્ર સરકારએ કર્યો છે. એ અનુલક્ષી રાજ્યમાં શિક્ષણક્ષેત્રના નિષ્ણાતોએ ચર્ચા કરીને પોતાના મંતવ્ય આપ્યા છે. તે મુજબ શહેર તેમજ ગ્રામીણ ભાગમાં કોરોના કેસોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. તો મોટા ભાગના શિક્ષકો તેમજ શાળા સંચાલકોએ શાળા શરૂ કરવાના મુદ્દે વાંધો ઉઠાવ્યો છે. જેને લીધે સપ્ટેમ્બરના અંત સુધીમાં શાળાઓ શરૂ કરવા બાબતે મોટા ભાગના નિષ્ણાતોએ પ્રતિકુળ મત આપ્યો હતો.

## જીવદયા, માનવતાના અનેક પ્રકલ્પો સાથે

# રાષ્ટ્રસંત ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા.ના ૫૦મા જન્મદિવસ નિમિત્તે

# ‘મહા-માનવતા અવસર- પરમોત્સવ’



**વોઈસ ઓફ ઘાટકોપર**

પરમ ગુરુદેવના બ્રહ્મનાદે શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની મહાસિદ્ધિદાયક જપ સાધના સાથે તા. ૨૫ થી ૨૭ સુધી ત્રિદિવસીય પરમોત્સવમાં અનેકવિધ કાર્યક્રમોનું આયોજન.

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના ૫૦મા જન્મોત્સવ નિમિતે આયોજન કરવામાં આવેલા ત્રિદિવસીય ‘મહા-માનવતા મહોત્સવ-પરમોત્સવ’માં જોડાઈ જવા દેશ-વિદેશના હજારો ભાવિકો થનગનાટ કરી રહ્યા છે.

દર વર્ષે પરમ ગુરુદેવના જન્મોત્સવ અવસરે વર્ષમાં માત્ર એક જ વાર મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની દિવ્ય સિદ્ધિદાયક જપ સાધના કરાવવામાં આવતી હોય છે, એમ આ વર્ષે પણ પરમ ગુરુદેવના બ્રહ્મનાદે લયબદ્ધ સ્વરૂપે વિશેષ પ્રકારની ગતિએ આ સ્તોત્રની મહાસિદ્ધિદાયક જપ સાધના સાથે વિશિષ્ટ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

તાઃ ૨૫, ૨૬ અને ૨૭ સપ્ટેમ્બરના દિને આયોજિત કરવામાં આવેલ પરમોત્સવ અંતર્ગત **તાઃ૨૫ સપ્ટેમ્બર શુક્રવાર સવારના ૦૮.૩૦ કલાકે ‘પરમ જ્ઞાનોત્સવ’નું આયોજન કરવામાં આવ્યું છે.** પરમ ગુરુદેવની પ્રેરણાથી ચાલતા લુક એન લર્ન જૈન જ્ઞાનધામ, શાસન પ્રભાવના ગ્રુપ, ગ્લોબલ આગમ મિશન જેવા અનેક મિશન્સ દ્વારા હજારો બાળકો, વડીલો અને યુવાનો પ્રભુના જ્ઞાન સંસ્કારથી જ્ઞાન સમૃધ્ધ બન્યા છે અને આજે પણ બની રહ્યા છે. પરમ ગુરુદેવ દ્વારા ૫૦ વર્ષમાં લાખો જીવો પર કરેલ જ્ઞાન ઉપકારની, ઉપકાર અભિવ્યક્તિ આ અવસરે અનેક ભાવિકો કરશે. અનેકવિધ રસપ્રદ પ્રસ્તુતિઓ સાથે પ્રેરણાત્મક શોર્ટ ફિલ્મની પ્રસ્તુતિ કરવામાં આવશે. **વિશેષરૂપે, આ અવસરે, હાસ્ય કલાકાર સાંઈરામ દવે દ્વારા જ્ઞાન લક્ષી ડાયરાની સુંદર પ્રસ્તુતિ કરવામાં આવશે.**




**તાઃ ૨૬ સપ્ટેમ્બર, શનિવાર પરમોત્સવના દ્વિતીય દિવસે, સવારે ૦૮.૩૦ કલાકે ‘પરમ ભક્તિ ઉત્સવ’નું મંગલ આયોજન કરવામાં આવ્યું છે.** સમાજ અને સંઘ માટે શ્રેષ્ઠ યોગદાન આપીને જીવન સાર્થક કરનારા એવા શ્રેષ્ઠ ભાવિકોને આ અવસરે, ‘પરમ એવોર્ડ’ એનાયત કરીને એમના યોગદાનનું બહુમાન કરવાની સાથે અન્ય અનેક રચનાત્મક કાર્યક્રમોની પ્રસ્તુતિ કરવામાં આવશે.


**તાઃ ૨૭ સપ્ટેમ્બર રવિવાર, પરમોત્સવના તૃતીય દિવસે સવારના ૦૮.૨૦ કલાકે ‘પરમ સેવા ઉત્સવ’નું વિશિષ્ટ આયોજન કરવામાં આવ્યું છે.** જેના અંતર્ગત પરમ ગુરુદેવના શ્રીમુખેથી વિશેષ પ્રકારના મંત્રોચ્ચાર સાથે ત્રણ તબક્કામાં શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની જપ સાધના કરાવવામાં આવશે. તેમજ માનવતા અને જીવદયાના મહાસત્કાર્યના પ્રકલ્પોની ઘોષણા સાથે અનેકવિધ કાર્યક્રમોની પ્રસ્તુતિ કરવામાં આવશે.દેશ વિદેશના લાખો ભાવિકો માટે પરમોત્સવના દરેક કાર્યક્રમ લાઈવ પ્રસારણના માધ્યમે ઝૂમ, યૂટ્યૂબ, ફેસબુક અને પારસ ચેનલ પર દર્શાવવામાં આવશે.

### અનેક આચાર્ય ભગવંતો, પૂજનીય સંતો અને સતીજીઓના શ્રીમુખેથી રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબને ૫૦ માં જન્મોત્સવ- પરમોત્સવ નિમિતે શુભેચ્છાઓ.


**દેશ વિદેશના હજારો ભાવિકોમાં પ્રભુ ધર્મની જ્યોત પ્રજ્વલિત કરનારા રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબને ૫૦ માં જન્મોત્સવ પરમોત્સવ નિમિતે અનેક આચાર્ય ભગવંતો, પૂજનીય સંત સતીજીઓએ ભાવભીની શુભેચ્છા અર્પણ કરીને જન્મોત્સવને વધાવ્યો હતો.**

**શ્રમણ સંઘીય આ.ભ. પૂજ્ય શ્રી શિવમુનિજી મ.સા. આ અવસરે કહ્યું હતું કે, પરમ ગુરુદેવના શ્વાસે શ્વાસે સાધના વસે, એમના જીવનની પ્રત્યેક પળ પરમાર્થમય બની પરમપદની પ્રાપ્તિ કરાવે.**

**લીંબડી અજરામર સંપ્રદાયના આચાર્ય ભગવંત પૂજ્ય શ્રી ભાવચંદ્રજી મ.સા.એ સુંદર ભાવો સાથે સમગ્ર સંપ્રદાયવતી ફરમાવતા કહ્યું હતું કે, પૂજ્ય શ્રી નમ્રમુનિજી મહારાજ સાહેબ સમગ્ર શાસનનું ગૌરવ છે. અત્યાર સુધી કર્મયોગી, ભક્તિયોગી, જ્ઞાનયોગી બનનાર પૂ. શ્રી નમ્રમુનિ હવે આત્માના યોગીરાજ બનીને અયોગી અવસ્થાને પામે એવી મંગલ ભાવના ભાવીએ. શાસ્ત્ર દિવાકર પૂજ્ય શ્રી મનોહરમુનિ મહારાજ સાહેબે પરમ ગુરુદેવ દરેક ક્ષેત્રોમાં યશસ્વી બને એવી સદ્ભાવના અને શુભેચ્છા ભાવ વ્યક્ત કર્યા હતા. શ્રમણસંઘીય યુવાચાર્ય પૂજ્ય શ્રી મહેન્દ્રઋષિજી મ.સા., શ્રમણ સંઘીય ઉપાધ્યાયજી પૂજ્ય શ્રી પ્રવીણઋષિજી મ.સા. ગોંડલ સંપ્રદાય વરિષ્ઠા પૂજ્ય શ્રી પ્રાણકુવરબાઈ મહાસતીજી આદિ અનેક સાધુસંતોએ આશિષ સંદેશાઓ પાઠવ્યા હતા.**










Printed & Published by **Jayant Visanji Chheda,** Owned & Edited by **Jatin Jitendra Kothari** and Printed at : **MID DAY Infomedia Limited.,** R/843/3, TTC Industrial Area, MIDC Rabale, Navi Mumbai - 400 701. and Published at 601, Abhinandan Apt., Sarvodaya Nagar, Mulund (West), Mumbai - 400 080. • **E-mail : voiceofghatkopar@gmail.com** • **RNI : MAHGUJ/2008/28113**

# કેતન કારાણીની વિદાય અકાળ... લોકકાર્યો દ્વારા લોકહૃદયમાં જીવંત રહેશે સદાકાળ...








શ્રી કવિઓ દેરાવાસી જૈન મહાજન મુંબઈના કારોબારી સભ્ય તથા ભૂતપૂર્વ ઉપપ્રમુખ, ભાજપના ઘાટકોપર-ઈસ્ટ વિધાનસભાના જનરલ સેક્રેટરી તથા જૈન જાગૃતિ સેન્ટર જેમ જગડુશાના સેક્રેટરી કેતન કારાણીનું માત્ર ૪૬ વર્ષની ઉંમરે કોરોનાવાઇરસને કારણે રવિવાર તા.૨૦-૯-૨૦૨૦ના અવસાન થયું એને પગલે ઘાટકોપરની જનતા સ્તબ્ધ છે. બુધવાર તા.૨૩-૯-૨૦૨૦ના ઘાટકોપરના એમએલએ પરાગ શાહ અને મિત્ર પરિવાર દ્વારા ઝૂમ પર શ્રદ્ધાંજલિ સભા આયોજીત કરી હતી.

પોતાના માટે તો સૌ જીવતા હોય છે, પરંતુ બીજા માટે તન, મન અને ધન ન્યોછાવર કરી દેનારા બહુ ઓછા લોકો હોય છે. રાજકીય પક્ષ હોય, સામાજિક કાર્ય હોય, ધાર્મિક કાર્ય હોય કે કોવિડ જેવી ગંભીર સમસ્યા હોય કેટલાક લોકોમાં ઊંડી કોઠાસૂઝ હોય છે અને ગમે તેવી મુશ્કેલમાં મુશ્કેલ પરિસ્થિતિમાંથી રસ્તો કાઢી લેતા હોય છે. ઘાટકોપરના લાડકા, લોકપ્રિય અને બધને પોતાની સાથે રાખીને ચાલનારા ૪૬ વર્ષના કેતન કારાણીનું આવું વ્યક્તિત્વ હતું. લોકડાઉનના છ મહિનામાં દરરોજ ૫૦૦ લોકો માટે દેરાસરમાં ભોજન બનાવીને જરૂરિયાતમંદો સુધીની જાતમહેનત તેમણે જીવના જોખમે કરી હતી. બીજાઓને જોખમ ન લેવાનું કહેતા કેતનભાઈ જીવલેણ વાઈરસની ચપેટમાં આવી જવાથી આજે આપણી વચ્ચે નથી, પણ તેમણે જીવનભર કરેલા કાર્યની સુગંધ કાયમ રહેશે.

મૂળ કચ્છના અબડાસા તાલુકામાં આવેલા ડુમરા ગામના વતની, કચ્છી વીસા ઓસવાળ જૈન એવા કેતન કારાણીનું ફાર્મા કંપનીઓની મશીનરીનું કામકાજ હતું. જોકે તેઓ ૨૦થી ૨૨ વર્ષના હતા ત્યારથી સામાજિક કામ કરતા હોવાથી એ સમયે ઘાટકોપરના બીજેપીના નેતા પ્રકાશ મહેતાએ તેમની અંદર એક સારા કાર્યકર, સેવાભાવી વ્યક્તિ તરીકેના ગુણ પારખી લીધા હતા એટલે પક્ષના કામની જવાબદારી સોંપી હતી જે કેતનભાઈએ બખૂબી નિભાવી હોવાથી પક્ષ દ્વારા તેમને ઘાટકોપર (ઈસ્ટ)ના મહામંત્રીનું પદ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

કેતન કારાણી હિન્દુ સભા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા. આ હૉસ્પિટલના મેડિકલ ડિરેક્ટર ડૉ. વૈભવ દેવગીરકરે ઇંયહહજ્ઞ ઘાટકોપરને કહ્યું હતું કે 'કેતન કારાણી કોરોનાના ઇન્ફેક્શનને લીધે વેન્ટિલેટર પર હતા; પણ તેમની સ્થિતિ સુધરી રહી હતી, તેમની ઑક્સિજનની જરૂરિયાત ઘટી રહી હતી. જોકે અચાનક આવેલા મૅસિવ હાર્ટ અટૅકને પગલે તેમનો જીવ જતો રહ્યો હતો.' કેતનભાઈનાં પત્ની પણ કોરોનાટેસ્ટમાં પૉઝિટિવ આવતાં હિન્દુ સભા હૉસ્પિટલમાં હતાં, પણ હવે તેમને ડિસ્ચાર્જ મળી ગયો છે. કેતનભાઈની દીકરી ટ્વેલ્થમાં છે અને દીકરો ફોર્થમાં છે.

જૈન જાગૃતિ સેન્ટર જેમ જગડુશાને કેતનભાઈએ જીવંત કર્યું હોવા વિશે ટીમ મેમ્બર મયૂર લોડાયાએ કહ્યું કે 'કેતનભાઈ જે કામ હાથમાં લે એને પૂરું કરીને જ જંપતા. ઘાટકોપરમાં જીરાવાલા દેરાસરના કમ્પાઉન્ડમાં આવેલી વાડીની સમસ્યા ૪૦ વર્ષથી ચાલતી હતી. કેતનભાઈએ ટ્રસ્ટી મંડળને વિશ્વાસમાં લઈને કામ હાથમાં લીધું હતું અને ગણતરીના સમયમાં વર્ષો જૂની સમસ્યા કોઈના પણ મનદુઃખ વિના ઉકેલાઈ ગઈ હતી. આવી જ રીતે ચેમ્બુરમાં સર્વોદય સોસાયટીની પંદરથી વીસ વર્ષથી બિલ્ડિંગના બાંધકામની મુશ્કેલી હતી. કેતનભાઈએ ટ્રસ્ટીઓ સાથે મળીને માત્ર બે વર્ષની અંદર મહાનગરપાલિકા, કોર્ટ વગેરે સાથે માથાકૂટ કરીને અહીં ૧૭૬ લોકોને ઑક્યુપેશન સર્ટિફિકેટ સાથેનું પઝેશન અપાવ્યું હતું. કેતનભાઈનું દિમાગ વકીલ કરતાં પણ ફાસ્ટ ચાલતું. તેઓ સમસ્યાના મૂળમાં જઈને જેટલા પણ પક્ષ એમાં સંકળાયેલા હોય તેમને સમજાવીને, મનદુઃખ ન થાય એવી રીતે ઉકેલ લાવતા હતા. સર્વોદય સોસાયટીમાં લોકડાઉન પહેલાં તેમણે મહારાજસાહેબને લઈ જઈને પત્ની જ્યોતિબહેન સાથે દેરાસર બનાવવા માટે ખાતમુહૂર્તની પૂજા કરી હતી.'

જાણીતા સામાજિક કાર્યકર અને જૈન અગ્રણી રમેશ મોરબિયાએ કહ્યું હતું કે 'કેતનભાઈ કાયમ ઘાટકોપરનું જેજેસી સેન્ટર કેવી રીતે આગળ આવે એના પ્રયત્ન કરતા રહેતા. પોતે ગમે તેટલા વ્યસ્ત હોય તો પણ દરરોજ એક કલાક તો સેન્ટર માટે ફાળવતા. ૧૨ વર્ષ પહેલાં મેં તેમને આ સેન્ટર સોંપ્યુ હતું, જેને કેતનભાઈ અને તેમની ટીમે ખૂબ સરસ રીતે આગળ વધાર્યું છે. જ્યારે પણ બોલાવ્યા હોય તો તે બધાં કામ પડતાં મૂકીને દોડી આવતા. તેઓ મારા ડાબા હાથ સમા હતા.'

સામાન્ય રીતે ગુજરાતીઓ પોલીસ અને પાલિકા કે પ્રશાસનમાં જવાનું ટાળે અથવા અધિકારીઓ સાથે માથાકૂટમાં ન પડે, પણ કેતનભાઈ બધાને પહોંચી વળતા. થોડા સમય પહેલાં ગારોડિયાનગર સિગ્નલ પાસે જેજેસી કમિટીના એક સભ્યનો હોટેલવાળા સાથે ઝઘડો થયો હતો. કેતનભાઈએ પંતનગર પોલીસ સ્ટેશનમાં આવીને માત્ર ૧૦ મિનિટમાં એનો ઉકેલ લાવી દીધો હતો. વપોલીસ કે પાલિકાના કામમાં સમયની સાથે ક્યારેક રૂપિયાની લેવડદેવડ કરવી પડે છે. કેતનભાઈ કોઈનું કામ થઈ ગયા બાદ પોતાના ખિસ્સામાંથી રૂપિયા આપી દેતા હોવાના અનેક કિસ્સા હોવાનું ઘાટકોપરના રહેવાસીઓ દ્વારા જાણવા મળ્યું હતું.



